અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૯ | અંક : ૮૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### તહેવારોની ચમકે સોનાને ચમકાવ્યું । ચાંદીનો ભાવ કિલોદીઠ રૂ.૯૨,૮૦૦ પર

# સોનું ૭૬ હજારને થયું પાર, ચાંદી થઈ ૯૦ હજારને પાર

## ભારતમાં સોનાની કિંમત ૭૬,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૫ ।

હવે લગ્નસરા અને નવરાત્રી તેમજ દિવાળીના દિવસો નજીક આવી રહ્યા છે. આ દરમિયાન લોકો સોના ચાંદીની ખરીદી કરતાં હોય છે પરંતુ સોનાના ભાવમાં પાછી ઉથલપાથલ જોવા મળી રહી છે. વાત કરીએ તો હાલ સોનાના ભાવમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. સોનાના ભાવમાં વધારા પાછળ ઘણા કારણો છે જેમાં વૈશ્વિક આર્થિક સ્થિતિ, યુએસ ફેડ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો અને સમગ્ર વિશ્વમાં તણાવપૂર્ણ પરિસ્થિતિ છે. સોનાની કિંમત આજે એટલે કે ૨૫ સપ્ટેમ્બર તેની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગઈ છે. ૨૫ સપ્ટેમ્બરે ભારતમાં સોનાની કિંમત ૭૬,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ હતી. બીજી તરફ ચાંદીનો ભાવ કિલોદીઠ રૂ.૯૨,૮૦૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સોના અને ચાંદીના ભાવ દિવસેને દિવસે બદલાતા રહે છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ ૭૬,૫૦૦ રૂપિયાના સ્તરને પાર કરી ગયો છે. દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, લખનૌ, જયપુર, મુંબઈ, કોલકાતા જેવા સ્થળોએ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૦૦૦ રૂપિયાની ઉપર ટ્રેડ થઈ રહી છે. અને ૨૪ કેરેટ સોનાની કિંમત ૪૯૬ રૂપિયા મોંઘી થઈ છે અને ૭૫૨૬૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા ભાવની અસર



સ્થાનિક બજારમાં પણ જોવા મળી રહી છે. ચાંદીનો ભાવ રૂ.૯૨,૯૦૦ પર ટ્રેડ થઈ રહ્યો છે. સોના અને ચાંદીના આ દર IBJA દ્વારા જારી કરવામાં આવ્યા છે. આના પર કોઈ GST અને જ્વેલરી મેકિંગ ચાર્જ નથી.

બુધવારે શરૂઆતના કારોબારમાં, ૧૦ ગ્રામ સોનું (આજનો ગોલ્ડ રેટ) ૦.૨૦% વધીને રૂ. ૭૫,૧૫૦ થયો હતો. સ્ઝઠ પર સોનું પહેલીવાર રૂ. ૭૫,૦૦૦ને પાર કરી ગયું છે. માત્ર સપ્ટેમ્બર મહિનામાં જ સોનાના ભાવમાં ૪.૭૪ ટકાનો વધારો થયો છે. તે જ સમયે, ચાંદીની કિંમત ૦.૧૮% ઘટીને ૯૨,૨૩૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં, સ્પોટ ગોલ્ડના ભાવ ૦.૩% વધીને $2,665 પ્રતિ ઔંસની ઉપર પહોંચી ગયા હતા, જે અગાઉના સત્રમાં $2,630.93 પ્રતિ ઔંસની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચ્યા હતા.

દિલ્હીમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૭૫૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૧૭૦ રૂપિયા છે. મુંબઈમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૬૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૦૨૦ રૂપિયા છે. કોલકાતામાં ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૦,૬૦૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૭,૦૨૦ રૂપિયા છે. ચેન્નાઈમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૬૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૦૨૦ રૂપિયા છે. અમદાવાદમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૬૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૦૨૦ રૂપિયા છે.

તહેવારો પહેલા સોના અને ચાંદીના ભાવમાં જબરદસ્ત વધારો જોવા મળી રહ્યો છે. સોનું નવા રેકોર્ડને સ્પર્શીને ઈતિહાસ રચી રહ્યું છે. આગામી દિવસોમાં સોના અને ચાંદીમાં વધારો જોવા મળી શકે છે. આ વર્ષે સોનું ૭૮ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી જઈ શકે છે. જ્યારે ચાંદી પણ ૧ લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

### શેરબજાર રેકોર્ડ હાઈ લેવલ પર બંધ

## સેન્સેક્સ ૨૬૮ પોઈન્ટ ઉછળ્યો તો નિફ્ટી ૨૬,૦૦૦ને પાર

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

ભારતીય શેરબજારમાં ધૂમ તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ અને નિફ્ટી તેના તમામ રેકોર્ડ તોડીને ઐતિસાહિક સપાટીએ પહોંચી રહ્યા છે. જેના કારણે રોકાણકારોને જલસા પડી ગયા છે. સેન્સેક્સ અને નિફ્ટી ફરીથી નવી ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયા છે. બુધવારના ટ્રેડિંગ સેશનમાં મ્જીઈ સેન્સેક્સ ૮૫,૨૪૭.૪૨ની નવી ઊંચી સપાટીએ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૬૦૩૨.૮૦ પોઈન્ટની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૨૫૬ પોઈન્ટના ઉછાળા સાથે ૮૫,૧૭૦ પર અને નિફ્ટી ૬૪ પોઈન્ટના ઉછાળા સાથે ૨૬૦૦૪ ઉપર બંધ રહ્યો હતો.

આજના કારોબારમાં બેન્કિંગ, ફાર્મા, મેટલ્સ, રિયલ એસ્ટેટ, મીડિયા, એનર્જી અને ઈન્ફ્રા સેક્ટરના શેરમાં ખરીદારી જોવા મળી હતી. જ્યારે ઓટો, આઈટી, એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર સેક્ટરના શેર ઘટીને બંધ થયા હતા. આજના કારોબારમાં પણ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં કોઈ ગતિ જોવા મળી નથી અને નિફ્ટી મિડકેપ અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ નીચે બંધ થયા છે. ઈન્ડિયા વિક્સ ૮.૨૨ ટકાના ઘટાડા સાથે ૧૨.૨૮ પર બંધ રહ્યો હતો. બુધવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં



ઉતાર-ચઢાવ સાથે કારોબાર જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં ટ્રેડિંગની શરૂઆત લાલ નિશાન પર થઈ પરંતુ ટૂંક સમયમાં જ તેઓ લીલા નિશાન પર પાછા ફર્યા. જોકે, ઉપલા સ્તરે બજારમાં ફરી વેચવાલી ફરી હતી. તે પછી મોટાભાગે બજાર લાલ નિશાનમાં જ ટ્રેડ થતું જોવા મળ્યું હતું. છેલ્લા સત્ર પહેલાં બેન્ચમાર્ક સૂચકાંકોમાં મોટો ઉછાળો આવ્યો હતો અને સેન્સેક્સ-નિફ્ટી નવી ઊંચાઈએ બંધ થવામાં સફળ થયા હતા. સેન્સેક્સ અને નિફ્ટી મજબૂત ઉછાળા સાથે બંધ થવા છતાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ઘટાડાને કારણે શેરબજારના માર્કેટ કેપમાં ઘટાડો જોવા મળ્યો છે. મ્જીઈ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૭૫.૨૪ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું, જે અગાઉના સત્રમાં રૂ. ૪૭૬.૦૭ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. એટલે કે આજના સત્રમાં માર્કેટ કેપમાં રૂ. ૮૧૦૦૦ કરોડનો ઘટાડો થયો છે.

## રેલવે ભરતીમાં દિવ્યાંગો સરળતાથી અરજી કરી શકે તે માટે શરૂ થઈ વ્યવસ્થા

। નવી દિલ્હી, તા.૨૫ ।


દિવ્યાંગ વ્યક્તિઓ માટે સંપૂર્ણ સુલભતા માટે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણથી પ્રેરિત થઈને અને માનનીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા આપવામાં આવેલા મિશન “અંત્યોદય“ને સાકાર કરવાની દિશા તરફ એક પગલું ભરતાં રેલવે મંત્રાલયે ૨૪ સપ્ટેમ્બરને મંગળવારે દિવ્યાંગોને સુગમ્ય ભરતી વેબસાઈટ www.rrbapply.gov.in શરૂ કરી, જેનાથી દિવ્યાંગ વ્યક્તિઓને કોઈપણ સહાય વિના રેલવેની ખાલી જગ્યાઓ માટે તેમની નોકરીની અરજીઓ ઑનલાઈન સબમિટ કરી શકશે. આ વેબસાઈટ આંતરરાષ્ટ્રીય સુલભતા ધોરણો સાથે સંપૂર્ણ રીતે અનુરૂપ છે અને દિવ્યાંગ વ્યક્તિઓને સશક્ત બનાવવા પ્રતિ રેલવેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ વેબસાઈટનો શુભારંભ મંગળવારે મુંબઈમાં ભારતભરના તમામ રેલવે ભરતી બોર્ડના અધ્યક્ષોની સમીક્ષા બેઠક દરમિયાન રેલવે મંત્રાલયના એડિશનલ મેમ્બર (સ્ટાફ) શ્રીમતિ પ્રમીલા એચ. ભાર્ગવ દ્વારા કરવામાં આવ્યો હતો.

### કંગનાએ પોતાના આપેલા નિવેદનને લઈને માફી માંગી

## હું ભૂલી ગઈ હતી કે હવે હું એક પાર્ટીનું કાર્યકર્તા પણ છું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતીય જનતા પાર્ટીની સાંસદ અને ફિલ્મ અભિનેત્રી કંગના રનૌતે રદ કરેલા કૃષિ કાયદાઓને લઈને નિવેદન આપ્યું હતું, જેમાં તેણે કહ્યું હતું કે રદ કરેલા કૃષિ કાયદાઓને પરત લાવવામાં આવે. જોકે, હવે કંગનાએ પોતાના આપેલા નિવેદનને લઈને માફી માંગી અને કહ્યું કે, “હું મારા શબ્દો પરત ખેંચુ છું.’’ સાથે જ તેણે આ સમગ્ર મામલે સોશિયલ મીડિયા પર માફી પણ માંગી છે. કંગનાએ પોતાનું આ નિવેદન ત્યારે આપ્યું જ્યારે તેના કૃષિ કાયદા પરત લાવવા વાળા નિવેદનને લઈને



વિપક્ષ દ્વારા ભાજપ પર પ્રહાર કરવામાં આવી રહ્યા હતા. એક તરફ હરિયાણા વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે, બીજી કંગનાએ આપેલા નિવેદનને લઈને ભાજપે પણ તેનાથી દૂરી બનાવી લીધી હતી. ભાજપ પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું કે, “કંગનાને કૃષિ કાયદાઓ પર બોલવાનો કોઈ હક નથી.’’

## અમારી સરકાર આવશે તો કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપીશું : રાહુલ ગાંધી

### તમારી સાથે અન્યાય થયો છે, તમારી લોકશાહી છીનવી લેવામાં આવી છે, આ રાજ્ય સ્થાનિક લોકોથી નહીં, પરંતુ બહારના લોકો ચલાવી રહ્યા છે : રાહુલ

। (એજન્સી) જમ્મુ, તા.૨૫ ।

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કામાં પ્રચાર માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી જમ્મુ પહોંચ્યા છે. જ્યાં તેમણે કેન્દ્ર સરકાર પર રોજગાર સહિત અનેક મુદ્દાઓના આક્ષેપો કર્યા હતા.

રેલીને સંબોધિત કરતાં કહ્યું હતું કે, ‘તમારી સાથે અન્યાય થયો છે, તમારી લોકશાહી છીનવી લેવામાં આવી છે. આ રાજ્ય સ્થાનિક લોકોથી નહીં, પરંતુ બહારના લોકો ચલાવી રહ્યા છે. રાજ્યનો અધિકાર છીનવી લઈ તેને કેન્દ્રશાસિત બનાવી દેવામાં આવ્યો છે.’ લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, ‘ભાજપે તમને રાજ્યનો દરજ્જો આપ્યો નથી, તો અમે તમને રાજ્યનો દરજ્જો આપવા માટે તનતોડ મહેનત કરીશું.



કારણકે, તે તમારો હક છે. તેના વિના તમે જમ્મુ-કાશ્મીરનું સપનું જોઈ શકશો નહીં, યુવાનોને રોજગારી મળશે નહીં. જ્યાં સુધી અહીં લેફ્ટનન્ટ ગવર્નર છે, ત્યાં સુધી બધું કામ બહારના લોકોને મળશે અને તે લોકો ઈચ્છે છે કે, જમ્મુમાં સ્થાનિક લોકોનું નહીં પરંતુ બહારના લોકોનું ચાલે.’ કાશ્મીરમાં વેપાર-ધંધાની વાત કરતા તેમણે કહ્યું હતું કે, ‘જમ્મુ અહીંનું સેન્ટ્રલ હબ છે જે કાશ્મીરના બિઝનેસ અને ઉત્પાદનને સમગ્ર દેશ સાથે જોડે છે. પરંતુ ભાજપ સરકારે આ સેન્ટ્રલ હબની ભૂમિકા નષ્ટ કરી દીધી છે. અહીંના એમએસએમઈ અને આંત્રપ્રિન્યોરને પાંગળા કરી દીધા છે. જ્યાં સુધી જમ્મુ-કાશ્મીરના એમએસએમઈ આત્મનિર્ભર નહીં બને ત્યાં સુધી અહીં રોજગાર સર્જન થશે નહીં. અમારી સરકાર બનશે, તો નાના ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપીશું.’

રાહુલ ગાંધીએ કહ્યું, ‘અમે વિચાર્યું હતું કે ચૂંટણી પહેલા તમને તમારો રાજ્યનો દરજ્જો પાછો મળી જશે. તે સાચો રસ્તો હતો, પરંતુ હવે અમે ઈચ્છીએ છીએ કે તમને તમારા લોકતાંત્રિક અધિકારો વહેલામાં વહેલી તકે મળે. ભારતના ઈતિહાસમાં આવું પહેલાં ક્યારેય બન્યું નથી. આ કોઈની સાથે ન થવું જોઈએ, જમ્મુ અને કાશ્મીરમાં અમારી સરકાર બનશે કે તરત જ અમે તમને રાજ્યનો દરજ્જો આપીશું.

## TTDએ એઆર ડેરી ફૂડ પ્રાઈવેટ લિ., ડિંડીગુલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

। અમરાવતી, તા.૨૫ ।

આંધ્રપ્રદેશના તિરુપતિ બાલાજીના પ્રસાદ (લાડુ)ને લઈને હોબાળો મચ્યો છે. આ દરમિયાન, તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) એ સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી છે. ટીટીડીના જનરલ મેનેજર પી મુરલી કૃષ્ણાએ ઈસ્ટ પોલીસ સ્ટેશનમાં એઆર ડેરી ફૂડ પ્રાઈવેટ લિમિટેડ, ડિંડીગુલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ અગાઉ, સરકારે પોલીસ અધિકારી સર્વશ્રેષ્ઠ ત્રિપાઠીના નેતૃત્વમાં એક SITની રચના કરી છે જે ભેળસેળના કેસની તપાસ કરશે.

## તમિલનાડુમાં રાહુલ ગાંધી વિરુદ્ધ 30 પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૫ ।

તાજેતરમાં અમેરિકાની મુલાકાતે ગયેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ SC-ST, OBC અનામત સહિત અનેક મુદ્દાઓ પર વાત કરી હતી. આ સાથે તેમણે અનેક મુદ્દાઓ માટે કેન્દ્રની સત્તાધારી પાર્ટી ભાજપને જવાબદાર ઠેરવી હતી. હવે રાહુલ ગાંધીના નિવેદનો અંગે તમિલનાડુના ૩૦ પોલીસ સ્ટેશનોમાં ફરિયાદો દાખલ કરવામાં આવી છે. તમિલનાડુના ચેન્નાઈમાં ભાજપના એક નેતાએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ અલગ-અલગ જિલ્લાના ૩૦ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ ભાજપના નેતા ડૉ. વેંકટેશ મૌર્યએ રાહુલના તેમના અમેરિકન પ્રવાસ દરમિયાન અનામતને લઈને આપેલા નિવેદન સામે નોંધાવી છે. જેમાં તેમણે કથિત રીતે કહ્યું હતું કે, એસસી-એસટી અને ઓબીસી અનામતને નાબૂદ કરશે. અહેવાલ મુજબ, બીજેપી નેતા વેંકટેશ મૌર્યએ કહ્યું કે વિપક્ષના નેતા અને સાંસદ તરીકે રાહુલ ગાંધીએ દેશની બહાર આવી વાત ન કરવી જોઈએ. તે દેશની અંદર કંઈ પણ કહી શકે છે. વિદેશમાં તેમણે ભારત સરકાર, SC-ST અને OBCને લઈને ખોટો પ્રચાર કર્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, અમે રાહુલ ગાંધી વિરુદ્ધ પોલીસને ફરિયાદ આપી છે અને તેમની સામે રાષ્ટ્ર વિરોધી કલમો હેઠળ કેસ નોંધવાની માંગ કરી છે. જરૂર પડે તો તેમની ધરપકડ પણ કરવી જોઈએ.

## પીએમ મોદીએ ફોન પણ ન કર્યો અને પીટી ઉષા પણ ખોટું બોલ્યા

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૫ ।

કુશ્તીબાજ ખેલાડીમાંથી રાજકારણમાં ઝંપલાવનારા વિનેશ ફોગાટ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યાં છે. આ દરમિયાન તેમણે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તાજેતરમાં તેમણે એક મીડિયા એજન્સીને જણાવ્યું કે, ‘ઓલિમ્પિકમાંથી ડિસ્ક્વોલિફાઈ થયા બાદ પીએમ મોદીએ તેમને ફોન કર્યો નહોતો અને પીટી ઉષા પણ ખોટું બોલ્યાં હતા.’ વિનેશ ફોગાટના આ દાવા બાદ હરિયાણામાં ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. તાજેતરમાં મીડિયા સાથે વાતચીત કરતા વિનેશ ફોગાટે કહ્યું હતું કે, ‘મેડલ આવે છે ત્યારે બધા ફોટા પડાવે છે. જ્યાં સુધી હું ફાઈનલમાં પહોંચી નહોતી, ત્યાં સુધી મને કોઈ ફોન આવ્યો નહોતો. જો તેમનામાં સાચે જ લાગણી હોત તો તેઓ સોશિયલ મીડિયામાં પ્રચાર કરવાને બદલે એક ફોન કરીને કહેતા કે, બેટા અમે તમારી સાથે છીએ તો એ મારા માટે ખૂબ મોટી વાત હોત.’ આ દરમિયાન પીટી ઉષા પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, ’અમે બાળપણથી તેમની વાર્તાઓ સાંભળતા આવ્યા છીએ, પરંતુ હવે તેઓ પણ પોતાની જવાબદારી ભૂલી ભાજપને બચાવવામાં લાગી ગયા છે. એક ખેલાડી તરીકે પીટી ઉષા કે મેરી કોમ તરફથી મને કોઈ સમર્થન મળ્યું નહોતું.



### પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જયંતી નિમિત્તે

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

રાષ્ટ્રચિંતન અને નવોજ્જવલ ભારતના મહાનાયક, એકાત્મક માનવવાદના પ્રણેતા એવા પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જયંતી નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

પુષ્પાંજલિ કાર્યક્રમમાં અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભા જૈન, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, દંડક શ્રી શીતલબેન ડાઘા, કાઉન્સિલરો તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી વધી. ઉપરવાસમાંથી પાણીની આવકમાં વધારાના કારણે હાલ નર્મદા ડેમની સપાટી ૧૩૮.૩૨ મીટર પર પહોંચી.

### દ્વારકાના ખાખરડા પાસે સવા બે માસ પહેલા થયેલી હત્યાનો ભેદ ખૂલ્યો

## ૧૨ વર્ષ પૂર્વેના કાકા-ભાઈના મોતનો બદલો લેવા પોલીસ કર્મીએ કરી હત્યા

। (એજન્સી) દ્વારકા, તા.૨૫ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ખાખરડા સીમમાં સવા બે માસ પહેલાં વાડીમાં સૂતેલા વૃદ્ધની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરાઈ હતી. એક પોલીસ કર્મચારીએ બારેક વર્ષ પુર્વે કાકા અને પિતરાઈ ભાઈના મૃતકના ખેતરના શેઢે મુકાયેલા ઈલેક્ટ્રીક કરન્ટમાં મૃત્યુ થયાનો બદલો લેવા માટે વૃદ્ધની હત્યા કર્યાનું ખૂલ્યું હતું. આ મામલે પોલીસ કર્મચારીની ધરપકડ કરી ૨૬મી સુધીના રિમાન્ડ પર લેવાયો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે પરબડી સીમમાં ગત તા. ૧૫મી જુલાઈના રાત્રે ખેડુત વૃધ્ધ વજુભા બનેસંગ જાડેજાની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે ફરીયાદના આધારે પોલીસે અજ્ઞાત શખસ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ બનાવ વખતે આરોપીનું નામ જાણવા મળ્યું ન હતું. પરંતુ પોલીસની સઘન તપાસમાં ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી દશરથસિંહ રણુભા જાડેજાની સંડોવણી હોવાનું ખુલ્યું હતું. આથી પોલીસ ટુકડી દ્વારા દશરથસિંહની શોધખોળ હાથ ધરાઈ હતી. દરમિયાન રાત્રે દશરથસિંહ ખંભાળિયા પોલીસ મથકમાં તપાસ કરનાર અમલદાર સમક્ષ સરેન્ડર થતાં તેની અટક કરાઈ હતી. દરમિયાન પોલીસે પુછપરછ સાથે આરોપીને કોર્ટમાં રજુ કરી તેના રીમાન્ડની માંગણી કરતા તા.૨૬મી સુધીના રીમાન્ડ મંજુર થયા છે.

પોલીસ પુછપરછમાં સામે આવ્યું હતું કે, ગત ૨૦૧૨ની સાલમાં મરણ જનરલ વજુભા જાડેજાની વાડીમાં ઈલેક્ટ્રીક કરંટ મૂકવામાં આવ્યો હતો. જેના કારણે કરંટ લાગતા આરોપીના કાકા ઉપરાંત કાકાનો દીકરો બંનેના મૃત્યુ થયા હતા. ઉકત બનાવ બાબતે જેતે સમયે કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં મરણ જનારના દિકરા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ પુછપરછમાં આરોપીએ પોતાના કાકા ઉપરાંત પિતરાઈ ભાઈના મૃત્યુનો બદલો લેવા માટે આ હત્યાના બનાવને અંજામ આપ્યાની કેફિયત આપ્યાનુ ખુલ્યુ છે. પોલીસે આરોપીના તા.૨૬ સુધીના રીમાન્ડ મેળવી સઘન પુછપરછ સાથે તપાસ આગળ ધપાવી છે.

## ગેસ લિકેજથી ફ્લેશ ફાયરમાં ૧૪ રત્નકલાકાર દાઝ્યા

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

શહેરના કતારગામ વિસ્તારમાં આવેલી એક ડાયમંડ ફેક્ટરીમાં આજે મંગળવારે ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. ડાયમંડ ફેક્ટરીએ એલપીજી ગેસનો ઉપયોગ કરવા માટે બનાવેલી પ્રાઈવેટ ગેસ પાઈપ લાઈનમાં લિકેજને કારણે અચાનક બલાસ્ટ થયા બાદ ફ્લેશ ફાયર થઈ હતી. આ દુર્ઘટનામાં ૧૪ રત્નકલાકાર દાઝ્યા હતા. ફાયર બ્રિગેડનો કાફલાએ ઘટના સ્થળે પહોંચીને આગ તો બુઝાવી દીધી હતી પરંતુ આ ઘટનામાં બે રત્નકલાકારોની હાલત કટોકટ હોવાનું કહેવાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર કતારગામમાં લક્ષ્મી ડાયમંડ ફેક્ટરીની બાજુમાં આવેલી ડાયમંડ ફેક્ટરીમાં આગ લાગી હતી. ફેક્ટરીની પેન્ટ્રીમાંથી પસાર થતી ગેસ પાઈપ લાઈનમાં ધડાકો થયો હતો. આગની ઝપેટમાં આવતા ફેક્ટરીમાં કામ કરતા ૧૪ રત્નકલાકારો દાઝી ગયા હતા. બે વ્યક્તિની હાલત ગંભીર છે. તમામને સારવાર અર્થે નજીકની કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

### ભ્રષ્ટાચારના દસ વર્ષ જૂના કેસમાં કોર્ટનો ચુકાદો

## રૂ.૫૦૦ની લાંચમાં મોરબીના પોલીસ કર્મચારીને પાંચ વર્ષની કેદની સજા

### મિયાણા તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીએ પાસપોર્ટ વેરીફીકેશન માટે અરજદાર પાસેથી ૫૦૦ રૂપિયાની લાંચ માંગી હતી

। (એજન્સી) મોરબી, તા.૨૫ ।

મોરબીના માળિયા મિયાણા તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીએ પાસપોર્ટ વેરીફીકેશન માટે અરજદાર પાસેથી ૫૦૦ રૂપિયાની લાંચ માંગી હતી. જેના કેસમાં કોર્ટે આરોપીને પાંચ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ. પાંચ હજારનો દંડ ફટકાર્યો છે. સમગ્ર મામલો ૧૭માર્ચ ૨૦૧૪નો છે. જેમાં ફરિયાદી મનોજભાઈ નિરંજનભાઈના ભાભી પૂજાને તેના પતિ પાસે નૈરોબી જવાનું હતું. આ માટે તેમણે પાસપોર્ટ મેળવવા માટે અરજી કરી હતી. જેના માટે પોલીસ વેરિફિકેશન પણ કરવામાં આવે છે. પુજાબેનને ૧૭ માર્ચ ૨૦૧૪ના રોજ માળિયા પોલીસ સ્ટેશનમાંથી વેરિફિકેશન માટે બોલાવવામાં આવ્યા હતા. પોલીસ કર્મચારી અમરતભાઈએ સહી લીધી બાદમાં ૫૦૦ રૂપિયાની લાંચ માંગી હતી. ચલણ ફી હતી તો પછી શેના રૂપિયા માંગો છો તેવું પૂછાતા પાસપોર્ટ ઈન્ક્વાયરીને લગતી કામગીરી માટે વ્યવહાર પેટે ૫૦૦ આપવા પડશે નહીતર પાસપોર્ટ બનશે નહિ તેવું કહ્યું હતું.આખરે આ મામલે એસીબીમાં ફરિયાદ કરવામાં આવી હતી અને બાદમાં એસીબીની ટીમે છટકું ગોઠવી પોલીસ કર્મચારીને લાંચ લેતા રંગે હાથે ઝડપી લીધો હતો. આ કેસ મોરબીના સ્પેશ્યલ જજ (એસીબી) અને પ્રિન્સીપાલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી ગયો હતો. તમામ દલીલો તેમજ સાત મૌખિક અને ૩૫ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈને કોર્ટે આરોપી પોલીસ કર્મચારી અમરતભાઈ માવજીભાઈ મકવાણાને પાંચ વર્ષની સખ્ત કેદની સજા અને રૂપિયા પાંચ હજારનો દંડ કર્યો છે. ફરીયાદી પાસે પોતાના નામના બે પાનકાર્ડ થઈ ગયા હતા. જેથી પોતે પોતાનું નવુ પાનકાર્ડ રદ કરાવવા ઈન્કમટેક્ષ કચેરી, દ્વારકા ખાતે ગયા હતા. આ વખતે આ કામના આરોપી ઈન્કમટેક્ષ ઈન્સ્પેક્ટર સુનિલકુમાર અરવિંદકુમાર મીનાએ બે પાનકાર્ડ ધરાવવા માટે પેનલ્ટી અને જેલની સજા થઈ શકે તેમ કહી રૂપિયા ૧૦,૦૦૦ પેનલ્ટી થશે તેમ કરી ડરાવ્યા હતા. એ પછી પેનલ્ટી ભરવી ન હોય તો તેના રૂ.૩,૦૦૦ લાંચ માગી હતી. આથી ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ કરતાં, દેવભૂમિ દ્વારકા પીઆઈ આર.એન.વિરાણી અને એસીબીના મદદનીશ નિયામક સુપરવિઝન ઓફીસર કે.એચ ગોહિલે છટકું ગોઠવીને આરોપીને ઝડપી લીધા હતા.

### સુરતમાં ડેન્ગ્યુનો હાહાકાર

## અમરોલીના યુવકના મોત સાથે મૃત્યુઆંક નવ થયો

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

મચ્છરજન્ય રોગચાળાએ સુરત શહેરમાં માથું ઊંચક્યું છે. સુરત પાલિકાનું આરોગ્ય વિભાગ દોડતુ થયુ છે. ડેન્ગ્યુના કારણે સુરતના અમરોલી વિસ્તારના એક ૨૫ વર્ષીય આશાસ્પદ યુવકનું મોત થયું હતું. જીવલેણ સાબિત થઈ રહેલા ડેન્ગ્યુના કારણે અત્યાર સુધીમાં આ ૯ મુ મોત હોવાનું નોંધાયુ છે. ડેન્ગ્યુના કારણે વધુ એકનું મોત થયાનું સામે આવ્યું છે. સુરતના અમરોલી વિસ્તારમાં મૂળ ઉત્તર પ્રદેશના ૨૫ વર્ષીય આત્મા બરસાતી નિશાદ રહે છે. ફર્નિચરનું કામકાજ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો અને છ મહિના પહેલા જ તેના લગ્ન થયા હતા. આત્માને થોડા દિવસોથી તાવ આવતો હતો. તાવ આવતા તે એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ગયો હતો. લોહીનો રિપોર્ટ કરાવતા તેને ડેન્ગ્યુ હોવાનું સામે આવ્યું હતું. તેની સારવાર હાથ ધરવામાં આવી હતી. જોકે, ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. અત્યાર સુધીમાં ડેન્ગ્યુના કારણે એક તબીબ સહિત નવ લોકોના મોત થયા હોવાનું નોંધાયુ છે. ડેન્ગ્યુનો કહેર ઘટાડવા પાલિકાનું આરોગ્ય તંત્ર પણ કામે લાગી ગયું છે. હાલ ચોમાસુ વિદાય તરફ છે. છતાં બે ઋતુ હોય તેવી સ્થિતિ છે. ગરમી, વાતાવરણમાં ભેજ અને ક્યારેક વરસાદી ઝાપટાં વરસી રહ્યા છે. સતત વાતાવરણમાં પલટો આવી રહ્યો છે. લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.

### આઈસીડીએસની પાંચ મહિલાઓની મ્યુનિ. કમિશનરને રજૂઆત

## જામનગર મ્યુનિ.ના સુપ્રિન્ટેન્ડન્ટ સામે જાતીય સતામણીનો આક્ષેપ

। (એજન્સી) જામનગર, તા.૨૫ ।

જામનગર મહાનગરપાલિકાના આઈસીડીએસ વિભાગમાં ફરજ બજાવતી પાંચ મહિલા કર્મચારીઓએ વિભાગના ઓફિસ સુપ્રિટેન્ડન્ટ સામે જાતીય સતામણીનો ગંભીર આરોપ લગાવ્યો છે. મહિલાઓએ આરોપ લગાવ્યો છે કે, સુપ્રિટેન્ડન્ટ તેમને અયોગ્ય રીતે જુએ છે અને બિનજરૂરી શારીરિક સ્પર્શ કરે છે. આ અંગે મહિલાઓએ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ કરતાં આ મામલે ખળભળાટ મચી ગયો છે. આ મામલે મહાનગરપાલિકાના કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલાએ આ મામલે તપાસના આદેશ આપ્યા છે. તેમણે જણાવ્યું કે, આવી ગંભીર ફરિયાદ મળી છે અને આ મામલે કાર્યવાહી કરવામાં આવશે. જો આરોપ સાચા પુરવા થશે તો આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. બીજીતરફ મહાનગરપાલિકામાં ચર્ચાઓ ચાલી રહી છે કે, આઈસીડીએસ વિભાગમાં કામ કરતી કેટલીક મહિલાઓ પહેલા પણ વિવાદોમાં રહી ચૂકી છે અને તેઓ કોઈને પણ ટકવા દેતી નથી. તેમની પાસે કામ લેવામાં આવે તો તેઓ વિરોધ કરી આ વ્યક્તિ કે અન્યને હેરાન કરે છે. આવી સ્થિતિમાં, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ પણ કદાચિત કડક કાર્યવાહી કરતા જાતીય સતામણીની ફરિયાદનો ભોગ બન્યો હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

### ૮૫૦થી વધુ સફાઈકર્મીઓએ હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લીધો

## અમદાવાદ જિલ્લાના સફાઈકર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ્સ યોજાયા

। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ કરતા કર્મીઓ માટે મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. સમગ્ર અમદાવાદ જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાનને ખરા અર્થમાં સાર્થક કરતા સફાઈકર્મીઓ માટે આ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો, જેનો લાભ ૮૫૦થી વધુ સફાઈકર્મીઓએ લીધો હતો. જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેના માર્ગદર્શનમાં



જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. શૈલેષ પરમારની સૂચના મુજબ સફળ કેમ્પ યોજાયો હતો. જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેએ ધોલેરા તાલુકાના કાસિન્દ્રા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સફાઈકર્મીઓ માટે આયોજિત હેલ્થ ચેકઅપ કેમ્પની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૮૫૦થી વધુ સફાઈકર્મીઓએ લાભ લીધો હતો.

### નિષ્ઠુર માતાનું જઘન્ય કૃત્ય

## મોડાસાની જાણીતી કોલેજના ગર્લ્સ રૂમના શૌચાલયમાંથી મૃત નવજાત શિશુ મળ્યું

। (એજન્સી) મોડાસા, તા.૨૫ ।

શિક્ષણનગરી મોડાસાના ધનસુરા રોડ પર કોલેજ કેમ્પસમાં ૧૪થી વધુ કોલેજો આવેલી છે, અને આ સંકુલમાં ૭ હજારથી વધુ છાત્રો શિક્ષણ મેળવી રહ્યા છે. કોલેજ કેમ્પસમાં આવેલા એસ.કે. શાહ એન્ડ કૃષ્ણ ઓ.એમ આર્ટસ કોલેજમાં ગત સોમવારના રોજ SY, TYB.A., M.Aની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. બીજા સેશનની પરીક્ષા પૂર્ણ થયા બાદ સાંજે ૪.૪૫ કલાકે કોલેજના સફાઈ કામદારે ગર્લ્સ રૂમમાં આવેલા ત્રીજા નંબરના વોશરૂમમાં મૃત અવસ્થામાં નવજાત શિશુ જોવા મળતાં જ સફાઈ કામદાર ચોંકી ઉઠ્યો હતો, આ મામલે કોલેજના પ્રિન્સીપાલને જાણ કરી હતી. આર્ટસ કોલેજના સફાઈ કામદારના જણાવ્યા અનુસાર ગર્લ્સ રૂમના ટોઈલેટમાંથી મળી આવેલા મૃત શિશુને ટબમાં નાખી દેવાયું હતું, આ નિર્દી અને ઘૃણાસ્પદ કૃત્ય કરનારે ટબ પર ડોલ ગોઠવી દીધી હતી. આ કારણે માસૂમનો જીવ જતો રહ્યો. પ્રિન્સીપાલ ડો, દિપક જોષી અને તુષાર જોષી ગર્લ્સ રૂમમાં પહોંચ્યા હતા, જોયુંકે નવજાત શીશું મૃત હાલતમાં મળી આવ્યું હતું. હોદેદારો અને પોલીસને સમગ્ર ઘટનાની જાણ કરવામાં આવી હતી. પોલીસની ટીમ કોલેજ કેમ્પસમાં પહોંચી હતી. આર્ટસ કોલેજ અને કેમ્પસના સીસીટીવ ફુટેજ મેળવ્યા હતા. કોલેજના પ્રિન્સીપાલની ફરિયાદ ટાઉન પોલીસે આ પ્રકરણે અજાણી મહિલા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

**વિશેષ** | છેલ્લા ૬ વર્ષોથી પ્રાકૃતિક ખેતી દ્વારા મબલખ ઉત્પાદન મેળવતા મનહરભાઈ લાડઃ ન્યૂનતમ ખર્ચે મેળવે છે મહત્તમ નફો

# પ્રાકૃતિક ખેતીના પાંચેય આયામો સાથે આદર્શ ફાર્મ તૈયાર કરી અનેક ખેડૂતોને ગાય આધારિત ખેતી કરવા પ્રોત્સાહન આપતા ઓલપાડના કરંજ ગામના ખેડૂત મનહરભાઈ લાડ


। (માહિતી) ગાંધીનગર ।

શારીરિક અને આર્થિક રીતે લાભદાયક ખેત પદ્ધતિ એટલે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી. બદલાતા સમયની જરૂરિયાતને આધારે રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા વિવિધ યોજનાઓ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાના આહ્વાનને ઝીલીને કારણે સુરત જિલ્લાના અનેક ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતાં થયા છે. આવા જ એક ખેડૂત છે, સુરતના ઓલપાડ તાલુકાના કરંજ ગામના મનહરભાઈ લાડ. જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા અને જૈવ વિવિધતા જેવા પ્રાકૃતિક ખેતીના પાંચેય આયામો(આધારસ્તંભો) સાથે આદર્શ ફાર્મ તૈયાર કરી પ્રાકૃતિક ખેતી કરતા મનહરભાઈ અનેક ખેડૂતોને નેચરલ ફાર્મિંગ માટે પ્રોત્સાહન પૂરૂ પાડે છે. માત્ર ધો. ૯ ભણેલા મનહરભાઈએ યોગ્ય માર્ગદર્શન અને પોતાની સૂઝબૂઝથી પ્રાકૃતિક ખેતીમાં મોટી સફળતા હાંસલ કરી છે. છેલ્લા ૬ વર્ષથી રાસાયણિક ખેતી ત્યજી પ્રાકૃતિક ખેતીમાં પ્રવેશેલા મનહરભાઈ આજે ૩ વીઘાના ફાર્મમાં ૨૫થી ૩૦ જાતના ફળો, શાકભાજી અને ઔષધીય પાકનું વાવેતર કરી મબલખ ઉત્પાદનની સાથે વાર્ષિક રૂ.૪ લાખનો નફો રળે છે.





પ્રાકૃતિક ખેતી અંગેના સ્વઅનુભવો જણાવતા તેઓ કહે છે કે,વર્ષ ૨૦૧૮થી હું પ્રાકૃતિક ખેતી કરું છું. આંબા, કેળ અને સરગવાથી શરૂઆત કરી યોગ્ય માર્ગદર્શન અને જાત અનુભવો થકી વિવિધ ફળો અને શાકભાજીનું વાવેતર પણ નાના પાયે શરૂ કર્યું. પહેલા બે વર્ષ દરમિયાન પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત કેળા, પપૈયા અને કેરીનું ઘરે ઘરે જઈ વેચાણ કરતા હતા. ધીરે ધીરે તેની માંગ વધવા લાગી, ઉત્પાદન વધવા માંડ્યું અને ખર્ચ પણ ઘટવા લાગ્યો. જેથી મારો આત્મવિશ્વાસ વધ્યો અને હું ઋતુ પ્રમાણે ફળો અને શાકભાજીનું વાવેતર વધારતો ગયો. જેમાં મને સારી સફળતા મળી. આજે ૩ વીઘા જમીનમાં આંબા, લીંબુ, દાડમ, આમળા, લીચી, સફરજન, સીતાફળ, રામફળ, હનુમાનફળ, લક્ષ્મણફળ જેવા ૨૫ થી ૩૦ પ્રકારના સિઝન પ્રમાણેના ફળો તેમજ ઔષધીય પાકમાં કરંજના દાતણ, પત્તરવેલીયા, આદુ, હળદરનું વાવેતર કરૂ છું. મુખ્ય પાક તરીકે કેરી, બારે માસ કેળા, લાલ, કાળા, સફેદ, ગુલાબી જાંબુ, વર્ષમાં બે વખત જમરૂખ, પપૈયા અને સાથે શાકભાજી પણ વાવું છું. સંપૂર્ણ પ્રાકૃતિક પદ્ધતિથી તૈયાર કરેલા મારા ખેતરમાં વોક વે પણ બનાવ્યો છે. જેથી કોઈ પણ ખેડૂત આ ફાર્મની મુલાકાત કરી નેચરલ ફાર્મિંગના લાભ જાણી અને માણી શકે. વધુમાં તેમણે કહ્યું કે, શરૂઆતમાં હું ઘરે ઘરે જઈ મારી ખેતપેદાશોનું વેચાણ કરતો હતો, પરંતુ આજે ગ્રાહકો સામેથી ફોન કરે છે અને ઘણી સિઝનલ પેદાશો માટે તો એડવાન્સમાં ઓર્ડર પણ નોંધાવે છે. ગાય આધારિત ખેતીની સૌથી રસપ્રદ વાત છે કે, સમય સાથે ઉત્પાદન વધે છે અને ખર્ચ ઘટે છે. તેમજ પ્રાકૃતિક ખેતપેદાશો માટેની લોકજાગૃતિને કારણે સારા ભાવ મળે છે. જેથી આપોઆપ આવકમાં વૃદ્ધિ થાય છે. શરૂઆતમાં મને વાર્ષિક રૂ.૪૦ હજારનો નફો થતો હતો, જે વધીને આજે રૂ.૪ લાખ સુધી પહોંચ્યો છે. પ્રાકૃતિક ખેતીના વધુ ફાયદાઓ જણાવતા તેઓ કહે છે કે, છ વર્ષથી પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનમાં અળસિયાનો પણ વધારો થયો છે. વરસાદી પાણી ખેતરની બહાર જતું નથી અને સીધું પાણી જમીનમાં ઉતરતા ભૂગર્ભ જળ રિચાર્જ થાય છે. ફાર્મનું વાતાવરણ જોઈને વધુ પ્રમાણમાં પક્ષીઓ આકર્ષાય છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓને કારણે પ્રાકૃતિક ખેતી ખૂબ સરળ બની હોવાનું જણાવી તેમને દર મહિને દેશી ગાયના નિભાવ ખર્ચ માટે સરકાર દ્વારા રૂ.૯૦૦ની સહાય પણ મળતી હોવાનું ઉમેર્યું હતું. રાજ્યસરકાર તરફથી મળતી સહાય માટે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરી મનહરભાઈ તેમના જેવા અન્ય ખેડૂતોને રાસાયણિક ખેતી છોડીને નાના પાયે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવા અનુરોધ કરે છે. તેમજ ગામડે-ગામડે ફરીને અન્ય ખેડૂતોને માર્ગદર્શન પણ આપે છે. જેથી વડાપ્રધાનશ્રીનું ઝેરમુક્ત ભારતનું અભિયાન સત્વરે સફળ થઈ શકે. .



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચેસ ઓલિમ્પિયાડ વિજેતા ટીમને મળ્યા.

### એકનાથ શિંદેના નિવેદન ચોંકાવ્યા

# પૂર્ણ બહુમતથી મહાયુતિ સરકાર બનશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષોએ પોતાની તૈયારી શરૂ કરી દીધી છે. ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી વચ્ચેના ગઠબંધન મહાયુતીમાં બેઠક વહેંચણી અંગે ચર્ચાઓનો દોર પણ શરૂ થઈ ગયો છે. જો કે, હાલ આ ગઠબંધન સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે મહાયુતિનો મુખ્યમંત્રી પદનો ચહેરો કોણ હશે? ગઠબંધનના ત્રણેય પક્ષો સીએમ પદ માટે દાવો કરી ચૂક્યા છે. ઉપરાંત આ બાબતે ગઠબંધનમાં કેટલાક મતભેદો પણ જણાઈ રહ્યા છે. હવે બુધવારે (૨૫ સપ્ટેમ્બર) મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સાથી પક્ષો પર આડકતરી રીતે



પ્રહાર કરતાં કહ્યું કે, 'મને શું મળશે? એ મહત્ત્વપૂર્ણ નથી, આપણે એ વિચારવા માટે છીએ કે મહારાષ્ટ્રની જનતાને શું મળશે.' એકનાથ શિંદેએ સીએમ પદ અંગે વાત કરતાં કહ્યું કે, 'અન્ય લોકો મારી ખુરશી-મારી ખુરશીની વાતો કરે છે, ખુરશી કેટલા દિવસ રહે છે? મુદ્દો ખુરશીનો નથી. આપણે ટીમ બનીને કામ કર્યું છે, ટીમ બનીને જ કામ કરીશું અને મહારાષ્ટ્રમાં પૂર્ણ બહુમતથી મહાયુતિ સરકાર બનાવીશું.' સીએમ શિંદેએ મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે, 'હું કાલે પણ કાર્યકર્તા તરીકે કામ કરતો હતો, આજે પણ કાર્યકર્તા તરીકે કામ કરી રહ્યો છું. અને ભવિષ્યમાં પણ કાર્યકર્તા બનીને કામ કરતો રહીશ. મેં ક્યારેય નહીં વિચાર્યું કે અમને શું મળશે. આજે જનતાની ઈચ્છાથી સીએમની ખુરશી મળી છે. લોકો મહાયુતીને જ બહુમત આપશે અને અમે ટીમ બનીને કામ કરીશું.' આ દરમિયાન તેમણે ઉદ્ધવ ઠાકરે પર પ્રહાર કરતા કહ્યું કે, અમે દિલ્હી કંઈક લાવવા માટે જઈએ છે, મહારાષ્ટ્રના વિકાસ માટે જઈએ છે. અમે એ માટે નથી જતા કે મને મુખ્યમંત્રી બનાવો, મને મુખ્યમંત્રી બનાવો. કેન્દ્રમાં અને રાજ્યમાં એક જ વિચારની સરકાર હોય તો લાભ થાય છે.

**ન્યૂઝ બ્રિફ**

## હાઈકોર્ટના ફરમાન બાદ યુપીમાં ૨૩ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર

। (એજન્સી) લખનૌ, તા.૨૫ ।

યુપીના બહરાઈચ જિલ્લામાં આજે બુલડોઝરવાળી થઈ છે. બહરાઈચના કેસરગંજ વિસ્તારના ફખરપુર બ્લોકના ગ્રામ પંચાયત સરાય જગનામાં સરકારી જમીન પર બનેલા ૨૩ ગેરકાયદેસર મકાન પર આજે બુલડોઝર ચલાવ્યુ છે. સુરક્ષાને ધ્યાનમાં રાખતા ગામમાં પોલીસ પીએસસીની સાથે એસડીએમ અને અન્ય જિલ્લાના અધિકારી હાજર રહ્યા. જોકે, ગ્રામજનો તરફથી કોઈ વિરોધ કરવામાં આવ્યો નથી. જિલ્લા તંત્રની આ કાર્યવાહી હાઈકોર્ટના આદેશ પર કરવામાં આવી રહી છે. આ માટે ગામમાં પહેલા જ જાહેરાત કરી દેવાઈ છે. સરાય જગનામાં જમીન અને રસ્તા પર ગામના લોકોએ ગેરકાયદેસર કબ્જો જમાવ્યો છે. કોઈકે પાક્કી તો કોઈકે કાચી ઝૂંપડી બનાવી લીધી છે. ૧૨૯ થી વધુ લોકો પોતાનું નિવાસ સ્થાન બનાવીને રહી રહ્યાં છે. આમાં મોટાથી લઈને બાળકો પણ સામેલ છે. જિલ્લા તંત્ર આ કાર્યવાહી હાઈકોર્ટના આદેશ પર કરવા જઈ રહ્યું છે. આ માટે ગામમાં પહેલા જ જાહેરાત કરી દેવાઈ છે. ગ્રામીણોએ જણાવ્યુ કે તમામ ૫૦ વર્ષોથી મકાન બનાવીને રહી રહ્યાં છે પરંતુ હવે આ જમીનને મહેસૂલ અધિકારીઓએ કબ્જામાં લેવા માટે નોટિસ જારી કરી છે. નોટિસ વર્ષ ૨૦૨૩માં જ મળી ચૂકી હતી.

## કેજરીવાલે મોહન ભાગવતને પત્ર લખીને પૂછ્યા સવાલ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૫ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતને પત્ર લખ્યો છે. તેમણે પીએમ મોદીને તેમની નિવૃત્તિ સહિત ૫ મુદ્દાઓ પર જવાબ આપવાની અપીલ કરી છે. કેજરીવાલે પત્રમાં કહ્યું છે કે તેમણે આ પત્ર કોઈ રાજકીય પક્ષના નેતા તરીકે નહીં પરંતુ એક સામાન્ય નાગરિક તરીકે લખ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે ભાગવત જવાબ આપશે. તેમણે કહ્યું કે તેઓ દેશની સ્થિતિથી ચિંતિત છે. કેજરીવાલે લખ્યું, 'ભાજપની કેન્દ્ર સરકાર દેશ અને દેશની રાજનીતિને જે દિશામાં લઈ જઈ રહી છે તે સમગ્ર દેશ માટે નુકસાનકારક છે. જો આવું ચાલતું રહેશે તો આપણી લોકશાહી ખતમ થઈ જશે, આપણો દેશ ખતમ થઈ જશે. પાર્ટીઓ આવશે અને જશે, ચૂંટણી આવશે અને જશે, નેતાઓ આવશે અને જશે, પરંતુ ભારત હંમેશા દેશ રહેશે. આપણા સૌની જવાબદારી છે કે આ દેશનો ત્રિરંગો હંમેશા ગર્વથી આકાશમાં લહેરાતો રહે. કેજરીવાલે કહ્યું કે તેમનો હેતુ માત્ર ભારતીય લોકતંત્રને બચાવવા અને મજબૂત કરવાનો છે. તેમણે કહ્યું કે તેઓ જે પ્રશ્નો પૂછી રહ્યા છે તે લોકોના મનમાં છે. કેજરીવાલે આરોપ લગાવ્યો કે ઈડી-સીબીઆઈની લાલચ અને ધમકીથી અન્ય પક્ષોના નેતાઓને પરાજિત કરવામાં આવી રહ્યા છે અને સરકારો પડી રહી છે. અપ્રમાણિકતા દ્વારા સત્તા મેળવવી એ તમને કે આરએસએસને સ્વીકાર્ય છે?

### કેન્દ્રની નવી ગાઈડલાઈન બાદ હવે

# રસ્તાના નિર્માણમાં ઈન્ડસ્ટ્રી વેસ્ટનો ઉપયોગ કરાશે

### પ્રોસેસ્ડ સોલિડ વેસ્ટ, પ્લાસ્ટિક વેસ્ટ, સ્ટીલ સ્લેગ અને ઈન્ડસ્ટ્રી વેસ્ટનો ઉપયોગ રસ્તાના નિર્માણમાં કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

શહેરો માટે સમસ્યાનો પહાડ બની ચૂકેલા કચરાના નિકાલ માટે કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે મહત્વનું પગલું ઉઠાવ્યું છે. નેશનલ હાઈવેના નિર્માણની પ્રક્રિયાને સ્વચ્છ ભારત મિશન-૨.૦ થી જોડતાં ઘણા મહિનાથી મંત્રાલય આ વ્યવસ્થાને લાગુ કરવા માટે કામ કરી રહ્યું હતું કે શહેરી ઘન કચરાનો ઉપયોગ રસ્તાના નિર્માણમાં કરવામાં આવે. હવે સરકારે સમગ્ર ગાઈડલાઈન બનાવી લીધી છે. કચરામાંથી મોટા પ્રમાણમાં નીકળતી માટીનો ઉપયોગ નેશનલ હાઈવેના નિર્માણમાં કરવાની સાથે જ રાજ્યોથી પણ કહ્યું છે કે તે પણ માર્ગના નિર્માણમાં તેનો ઉપયોગ કરી શકે છે. નેશનલ



હાઈવેના નિર્માણ સાથે જોડાયેલી તમામ સંસ્થાઓની સાથે જ કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે તમામ રાજ્યોને પણ ગાઈડલાઈન જારી કરી દીધી છે. આમાં જણાવવામાં આવ્યું છે કે પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખતાં સરકાર એવી નીતિ બનાવવા પર કામ કરી રહી છે કે પ્રોસેસ્ડ સોલિડ વેસ્ટ, પ્લાસ્ટિક વેસ્ટ, સ્ટીલ સ્લેગ (સ્ટીલ ઉત્પાદન કચરો) અને ઈન્ડસ્ટ્રી વેસ્ટનો ઉપયોગ રસ્તાના નિર્માણમાં કરવામાં આવે. આ હેઠળ હાલ શહેરોથી નીકળનાર ઘન કચરાના માર્ગ નિર્માણમાં ઉપયોગ માટે ગાઈડલાઈન બનાવી લેવાઈ છે. સરકારનું કહેવું છે કે વર્તમાનમાં લગભગ ૧૭૦૦ લાખ ટન કચરો ૨૩૦૪ લેન્ડફિલ સાઈટ પર એકત્ર છે. આના કારણે લગભગ ૧૦ હજાર હેક્ટર જમીન ઘેરાયેલી છે. આને જોતાં જ ગતિ શક્તિ અભિયાન હેઠળ હાઈવે નિર્માણને સ્વચ્છ ભારત મિશન ૨.૦થી જોડવામાં આવ્યુ છે. હાઈવે નિર્માણ માટે મોટા પાયે ખેતરોમાંથી માટી લેવી પડે છે. ઘન કચરાનો ઉપયોગ કરીને તેનાથી ઘણી હદ સુધી બચી શકાય છે. મંત્રાલયે જણાવ્યું છે કે ઘન કચરાની પ્રોસેસિંગથી નીકળનારી માટીથી હાઈવે નિર્માણના બે પાયલટ પ્રોજેક્ટ સફળ થઈ ચૂક્યા છે. હવે આ પ્રક્રિયાને અન્ય હાઈવેના નિર્માણમાં અપનાવવામાં આવશે અને રાજ્ય પણ રાજ્યોના માર્ગ બનાવવા માટે તેનો ઉપયોગ કરી શકે છે. ગાઈડલાઈનમાં આ પ્રક્રિયાને પણ સ્પષ્ટ કરી દેવાઈ છે કે ડીપીઆરના સ્તરના પ્રોજેક્ટ, નિર્માણાધીન પ્રોજેક્ટ અને આગામી પરિયોજનાઓ માટે ઠેકેદારો, સંબંધિત સત્તાવાળાઓ અને સંસ્થાઓ કઈ રીતે કામ કરી શકે છે. તમામ મામલે ત્રિપક્ષીય કરાર કરવા પડશે જેથી ઘન કચરાથી નીકળનારી માટીનો પુરવઠો નિર્માણ માટે ઉપયોગ થઈ શકે.

### ગિલ-જાયસવાલને મળી શકે છે આરામ

# સેમસનની થઈ શકે વાપસી, ઈશાન કિશન પણ દાવેદાર




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝનો બીજો મુકાબલો ૨૭ સપ્ટેમ્બરથી કાનપુરમાં રમાશે. આ ટેસ્ટ સિરીઝ બાદ બંને ટીમો વચ્ચે ત્રણ મેચની ટી૨૦ સિરીઝ રમાશે. પ્રથમ મેચ ૬ ઓક્ટોબરે રમાશે. માનવામાં આવી રહ્યું છે કે બીસીસીઆઈ તરફથી જલ્દી ટી૨૦ સિરીઝ માટે ટીમની જાહેરાત કરવામાં આવી શકે છે. તેમાં ઘણા ફેરફાર પણ જોવા મળી શકે છે. બાંગ્લાદેશ વિરુદ્ધ ટી૨૦ સિરીઝ માટે રિષભ પંતને આરામ આપવામાં આવી શકે છે. તે સતત રમી રહ્યો છે. આ વચ્ચે સંભાવના છે કે સંજૂ સેમસન પ્રથમ ચોઈસ વિકેટકીપરના રૂપમાં ટીમમાં સ્થાન મેળવી શકે છે. પરંતુ ઈશાન કિશન પણ દાવેદારી રજૂ કરી રહ્યો છે. આ બંને ખેલાડીએએ દુલીપ ટ્રોફીમાં સદી ફટકારી હતી. આ વચ્ચે ઈશાન કિશનને ઈરાની ટ્રોફી માટે રેસ્ટ ઓફ ઈન્ડિયાની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. આ મેચ ૧થી ૫ ઓક્ટોબર વચ્ચે રમાશે. તો ભારતે પ્રથમ ટી૨૦ મેચ ૬ ઓક્ટોબરે રમવાની છે. તેવામાં ઈશાન કિશન ઈરાની ટ્રોફીમાં રમે તો પ્રથમ ટી૨૦ મેચ રમી શકશે નહીં. આ પહેલા ટીમ ઈન્ડિયાએ જુલાઈમાં શ્રીલંકા વિરુદ્ધ ટી૨૦ સિરીઝ રમી હતી, તેમાં સંજૂ સેમસનને તક મળી પરંતુ તે સારૂ પ્રદર્શન કરી શક્યો નહીં. હવે બીસીસીઆઈ સંજૂને વધુ એક તક આપી શકે છે. ક્રિકબઝના રિપોર્ટમાં પણ તે વાતનો ખુલાસો થયો છે કે બાંગ્લાદેશ વિરુદ્ધ ટેસ્ટ સિરીઝ રમી રહેલા ગિલ અને યશસ્વી જાયસવાલને પણ ટી૨૦ સિરીઝમાં આરામ આપવામાં આવી શકે છે. તેવામાં ઓપનિંગ માટે સંજૂ સેમસન પ્રથમ વિકલ્પ હોઈ શકે છે. તેના જોડીદારના રૂપમાં અભિષેક શર્માની એન્ટ્રી થઈ શકે છે. એટલું જ નહીં રિપોર્ટમાં તે પણ કહેવામાં આવ્યું છે કે મોહમ્મદ સિરાજ, અક્ષર પટેલ, રિષભ પંત સહિત ઘણા ખેલાડી ટી૨૦ સિરીઝમાં રમશે નહીં. હકીકતમાં ટી૨૦ સિરીઝ બાદ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ મેચની ટેસ્ટ સિરીઝ રમાવાની છે. તેવામાં મોટા ખેલાડીઓને આરામ આપવામાં આવી શકે છે.

### દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા એક્શન લેવામાં આવશે

# દિલ્હી સરકાર ઓડ-ઈવનની હાલ તૈયારીએ કરી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૫ ।

દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે વાયુ પ્રદૂષણનો સામનો કરવા માટે વિન્ટર એક્શન પ્લાનની જાહેરાત કરી છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં શિયાળા દરમિયાન વાયુ પ્રદૂષણનો સામનો કરવા માટે ૨૧-પોઈન્ટનો એક્શન પ્લાન લાગુ કરવામાં આવશે. ગોપાલ રાયે કહ્યું, વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે, દિલ્હીની આસપાસના રાજ્યો અને કેન્દ્ર સરકારે સાથે મળીને કામ કરવાની જરૂર છે. ૨૦૧૬ અને ૨૦૨૩ વચ્ચે દિલ્હીમાં વાયુ પ્રદૂષણમાં ૩૪.૬ ટકાનો ઘટાડો થયો છે. વનીકરણ જેવી લાંબા ગાળાની યોજનાઓને કારણે પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળી




છે. તેમણે વધુમાં કહ્યું કે છેલ્લા ૪ વર્ષમાં ૨ કરોડ વૃક્ષો વાવ્યા, વૃક્ષારોપણની નીતિથી મદદ મળી, ૭૫૪૫ જાહેર પરિવહન બસો દિલ્હીના રસ્તાઓ પર દોડી રહી છે. ઈફ નીતિ સફળ સાબિત થઈ રહી છે. દિલ્હીએ તેના થર્મલ પાવર પ્લાન્ટ બંધ કરી દીધા છે, પરંતુ સમાન પ્લાન્ટ હજુ પણ NCR રાજ્યોમાં કાર્યરત છે. ગોપાલ રાયે એમ પણ કહ્યું કે દિલ્હી સરકાર ઓડ-ઈવનની તૈયારી કરી રહી છે. આ યોજના માત્ર ઈમરજન્સી પગલા તરીકે જ લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું, અમે કેન્દ્રીય પર્યાવરણ મંત્રીને પત્ર લખીને શિયાળા દરમિયાન કૃત્રિમ વરસાદ કરવાની પરવાનગી માંગી છે. અમે ૧ નવેમ્બરથી ૧૫ નવેમ્બરની વચ્ચે કૃત્રિમ વરસાદની તૈયારી કરવા માંગીએ છીએ, જ્યારે દિવાળી પછી પ્રદૂષણનું સ્તર સૌથી વધુ હશે અને તેના કારણે સ્ટબલ બર્નિંગ ટોચ પર અપેક્ષિત છે. તેમણે કહ્યું કે મંત્રીએ હજુ સુધી પત્રનો જવાબ આપ્યો નથી.

### ટ્રેન દુર્ઘટનાના કિસ્સામાં તાત્કાલિક પહોંચી કરશે મદદ

# રેલવેએ પ્રથમ વખત રેલ રક્ષક દળની રચના કરી

। (એજન્સી) જયપુર,તા.૨૫ ।

દેશભરમાં વધી રહેલા રેલ અકસ્માતો વચ્ચે ભારતીય રેલવેએ પ્રથમ વખત રેલ રક્ષક દળની રચના કરી છે. પાયલટ પ્રોજેક્ટ હેઠળ, ભારતીય રેલવેએ ઉત્તર પશ્ચિમ રેલવે (NWR) ઝોનમાં આ પહેલ શરૂ કરી છે. રેલ રક્ષક દળ તાત્કાલિક અકસ્માત સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરવા સક્ષમ છે. ટીમને ટોર્ચ, વોકી ટોકી, દોરડું, પ્રાથમિક સારવાર કીટ અને અન્ય સાધનો આપવામાં આવશે. નોર્થ વેસ્ટર્ન રેલવેના IG RPF જ્યોતિ કુમાર સતીજાએ કહ્યું કે, 'અમારા માટે ગર્વની વાત છે કે રેલવે મંત્રીએ કોઈપણ રેલ અકસ્માતના કિસ્સામાં તાત્કાલિક રાહત આપવા માટે આ પહેલ શરૂ કરી છે. પાયલટ પ્રોજેક્ટ હેઠળ, ઉત્તર પશ્ચિમ રેલવેને આ જવાબદારી આપવામાં આવી છે. આ પહેલીવાર છે જ્યારે RPFને બચાવ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવી રહી છે. આ ટીમ અકસ્માત રાહત ટ્રેન



પહેલા રોડ માર્ગે ઘટના સ્થળે પહોંચવામાં સક્ષમ છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવની પહેલ પર ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા પાયલટ પ્રોજેક્ટ તરીકે રચાયેલી આ ટીમને નેશનલ ડિઝાસ્ટર રિલીફ ફોર્સ (NDRF) દ્વારા તાલીમ આપવામાં આવી છે. ઝોનના ચાર વિભાગોમાં ચાર સ્થળો બાંદિકૂઈ, લાલગઢ, ઉદયપુર અને મેર્તા રોડ પર તૈનાત કરવામાં આવી છે. ઉત્તર-પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અમિતાભે કહ્યું કે, 'રેલ રક્ષક દળની રચના મંત્રીના નિર્દેશ પર કરવામાં આવી છે. જેમાં રેલવેના સક્ષમ કર્મચારીઓને તૈનાત કરવામાં આવી રહ્યા છે. અમે તેમને સ્વિમિંગ જેવા ક્ષેત્રમાં તાલીમ આપી રહ્યા છીએ. આમાં ઉપયોગમાં લેવાતા તમામ સાધનો ઓછા વજનના અને લઈ જવામાં સરળ છે. રેલ રક્ષક દળનો હેતુ રેલવે દ્વારા જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરવાનો અને સમયાંતરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ તેનો ઉપયોગ કરવાનો છે. રેલવે તરફથી આ એક પહેલ છે કે જરૂરી હોય તો તમામ હિતધારકોને તેનો વિનામૂલ્યે ઉપયોગ કરવાની તક મળે. અત્યાર સુધી અમે NDRFને બોલાવતા હતા, પરંતુ મંત્રીએ એક પ્રયોગ તરીકે આ પહેલ શરૂ કરી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કવચ 4.O ભારતમાં પ્રથમ વખત સવાઈ માધોપુરથી શરૂ કરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં કવચ લગાવવાનું કામ પૂર્ણ થઈ ગયું છે, આ માત્ર શરૂઆત છે. આવનારા વર્ષોમાં ૧૦ હજાર લોકોમોટિવ્સ કવચથી સજ્જ થશે અને ૯ હજાર વધારાના કિલોમીટર કવચથી સજ્જ થશે.

# ભારતની પ્રથમ એર ટ્રેન સેવા ટૂંક સમયમાં શરૂ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતની પ્રથમ એર ટ્રેન સેવા ટૂંક સમયમાં દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શરૂ થશે. આ ડ્રાઈવર વિનાની ટ્રેન મુસાફરોને વિવિધ ટર્મિનલ, પાર્કિંગ અને મેટ્રો સ્ટેશન પર લઈ જશે.દેશની પ્રથમ એર ટ્રેન સેવા દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શરૂ થશે. એર ટ્રેન એ મેટ્રો જેવી ડ્રાઈવર વિનાની ટ્રેન છે. હાલના એરપોર્ટ પરના ત્રણ ટર્મિનલ વચ્ચે જવા માટે, મુસાફરોએ બસ પકડવા માટે બસ સેવાનો ઉપયોગ કરવો પડતો હતો અથવા ફ્લાઈટમાં ઉતર્યા પછી અન્ય વિસ્તારોમાં કેબનો ઉપયોગ કરવો પડતો હતો. આ ખૂબ જ સમય માંગી લે તેવું કાર્ય છે. આવી સ્થિતિમાં મુસાફરોની



સુવિધા માટે ૨૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૭.૭ કિલોમીટર લાંબી એર ટ્રેન સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૦૨૭માં આ સિસ્ટમ શરૂ થતાં હાલની બસ સેવા બંધ થઈ જશે. આ પણ અન્ય મેટ્રો રેલની જેમ છે. તેમાં મર્યાદિત સંખ્યામાં કમ્પાર્ટમેન્ટ્સ છે. પાટા પર ચાલે છે. ડ્રાઈવર વિનાની આ ટ્રેન પૂર્વ-નિર્ધારિત ટ્રેક પર એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. જમીનની નીચે કે ઉપર પુલ પર ચાલવાને કારણે અવરજવરમાં કોઈ અડચણ નથી.

## કમલા હેરિસના ચૂંટણી કાર્યાલયે ફરી એકવાર ગોળીબારની ઘટના

। વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકાના એરિઝોના રાજ્યમાં ડેમોક્રેટિક પદના ઉમેદવાર કમલા હેરિસના ચૂંટણી કાર્યાલયે ફરી એકવાર ગોળીબારની ઘટનાથી હડકંપ મચી ગયું છે. એક મહિનામાં આ બીજી ઘટના હતી જ્યારે ટેમ્પે શહેરમાં ચૂંટણી કાર્યાલયને નિશાન બનાવાયું હતું. ઓફિસની સામે બારીઓ પર પેલેન ગન વડે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ટેમ્પે પોલીસે જણાવ્યું કે આ ઘટના ગત રાત્રિએ બની હતી. ડેમોક્રેટિક નેશનલ કમિટીના કાર્યાલયે આ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં મોટા નુકસાનની વાત સામે આવી છે. જોકે આ ઘટનામાં કોઈ ઘાયલ કે મૃત્યુ પામ્યાની જાણકારી હજુ મળી શકી નથી. પબ્લિક ઈન્ફર્મેશન ઓફિસર સાર્જન્ટ રયાન કુકે કહ્યું કે ઘટના સમયે કાર્યાલયના પરિસરની અંદર કોઈ નહોતું પણ તાજેતરના હુમલાને કારણે એ બિલ્ડિંગમાં કામ કરનારા લોકોની સાથે સાથે આજુબાજુમાં રહેતા લોકોની સુરક્ષા અંગે ચિંતા ઊભી થઈ છે. સ્થાનિક મીડિયાએ આ ઘટના બાદના ફૂટેજ પણ જાહેર કર્યા હતા.

# કામના દબાણમાં બેંકની મહિલા કર્મચારીનું મોત

### સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે સરકારી અને ખાનગી નોકરીઓમાં કામનું દબાણ સમાન

। (એજન્સી) લખનઉ, તા.૨૫ ।

લખનઉમાં HDFC બેન્કની મહિલા કર્મચારી ખુરશી પરથી ઢળી પડી અને મોત નિપજયાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. લખનઉમાં બનેલી ચોંકાવનારી ઘટના વિશે મળતી માહિતી મુજબ HDFC બેંકમાં એડિશનલ ડેપ્યુટી વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કામ કરતી સદફ ફાતિમાનું અહીં અવસાન થયું. કર્મચારીઓનું કહેવું છે કે તેનું કારણ કામનું દબાણ પણ છે. કહેવામાં આવી રહ્યું છે કે બેંકમાં કામ કરતી વખતે તે ખુરશી પરથી પડી ગઈ અને તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. ફાતિમાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી, પરંતુ ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવી. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે સરકારી અને ખાનગી નોકરીઓમાં કામનું દબાણ સમાન છે. કર્મચારીઓ 'મજબૂરી' હેઠળ કામ કરી રહ્યા છે. જેના કારણે આ સમસ્યા ઉભી થઈ રહી છે. કર્મચારીઓની હાલત બંધાયેલા મજૂરો કરતા પણ ખરાબ છે. કારણ કે તેમને બોલવાનો અધિકાર પણ નથી. અખિલેશ યાદવે કહ્યું કે સરકારે સમસ્યાઓના ઉકેલ માટે વિચાર આપવો જોઈએ અને પાયાવિહોણી સલાહ આપવી જોઈએ નહીં. પુણેના કર્મચારીના મૃત્યુ બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે, 'તમે કંઈપણ ભણો, નોકરી કરો. પરંતુ દબાણનો સામનો કરવા માટે આંતરિક શક્તિ જરૂરી છે. આ આધ્યાત્મિકતા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. ભગવાનમાં શ્રદ્ધા રાખવાથી આંતરિક શક્તિ વધે છે. શૈક્ષણિક સંસ્થાઓએ દિવ્યતા અને આધ્યાત્મિકતા શીખવી જોઈએ.' આ વાતને ધ્યાનમાં રાખીને અખિલેશ યાદવે હવે આ વાત કહી છે. પરંતુ ફાતિમાનું મૃત્યુ કેવી રીતે થયું તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ બહાર આવશે. લક્ષ્યાંકો, સમયમર્યાદા મોટાભાગની સંસ્થાઓ અને કંપનીઓમાં આ સામાન્ય બાબત છે. આટલા સમયમાં આટલું ટાર્ગેટ હાંસલ કરવાનું છે, આ તમારી ડેડલાઈન છે.

## તંત્રી લેખ...

# ‘જાગો’ શબ્દનો અર્થ એ છે કે પોતાની ચેતનાનો વિસ્તાર કરો

સમગ્ર વિશ્વને સનાતન ધર્મની આભાથી અભિભૂત કરનારા સ્વામી વિવેકાનંદે માનવ જીવનને સફળ અને સાર્થક બનાવવાના કેટલાય ઉપયોગી સૂત્ર પણ સૂચવ્યા છે. એવું જ એક સૂત્ર કઠોપનિષદમાંથી ‘ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત’ રૂપે આપ્યું. તેના માધ્યમથી તેમણે લક્ષ્ય પ્રાપ્તિ સુધી નિરંતર પ્રયાસ કરવાનો સંદેશ આપ્યો છે. આજના ભૌતિક અને પ્રતિસ્પર્ધી યુગમાં દરેક વ્યક્તિ પોતાના લક્ષ્યને પામવા માટે દોડી રહ્યો છે. જીવનમાં મોટાભાગે આપણે આપણા ઉદ્દેશ્ય અને આંતરિક શક્તિને ભૂલીને ટેકનિક અને આધુનિકતાની ગૂંચવણમાં ફસાઈ જાયછે. તેનાથી ભટકાવની સ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે. એવી સ્થિતિમાં સ્વામી વિવેકાનંદે દેખાડેલો રસ્તો અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે. સ્વામીજીએ કહ્યું છે કે ‘ઊઠો’, એટલે કે તમારી અંદર છૂપાયેલી શક્તિઓને ઓળખો અને આળસ છોડીને સક્રિય રૂપે કાર્ય કરો. ‘જાગો’નો અર્થ છે પોતાની ચેતનાનો વિસ્તાર કરો. જ્યારે આપણે સીમિત ધારણાઓ અને વિચારો ફસાયેલા રહી છીએ તો આપણો વિકાસ અટકી જાય છે. જો તમારા કામમાં કોઈ પડકાર નથી આવ્યો તો સમજો કે તમે ખોટા રસ્તે છો. જાગરુકતાથી આપણે સાચા નિર્ણય લઈ શકીએ છીએ અને લ-ય પ્રાપ્તિ માટે સાચી દિશામાં આગળ વધી શકીએ છીએ. વસ્તુતઃ અસફળતાઓથી વિચરિત થતાં જાગરુકતા આપણને ધૈર્ય અને સમર્પણ સાથે પોતાના કામમાં નિરંતર લાગેલા રહેવાની પ્રેરણા આપે છે. જ્યારે આપણે આપણા ઉદ્દેશ્ય પ્રત્યે સ્પષ્ટ અને જાગૃત હોઈએ છીએ તો આપણો આત્મવિશ્વાસ મજબૂત થાય છે. આત્મવિશ્વાસ જ સફળતાનો મૂળ આધાર છે. સ્વામી વિવેકાનંદનો સંદેશ માત્ર આત્મવિકાસ સુધી સીમિત નથી, પરંતુ તે આપણે સમાજ અને રાષ્ટ્રની સેવા માટે પણ પ્રેરિત કરે છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

## ઉત્સવો, પર્વો તથા તહેવારોનું માનવ જીવનમાં મહત્વ

આપણો ભારત દેશ બીનસાંપ્રદાયિક દેશ છે. આપણાં ભારત દેશમાં દરેક જ્ઞાતિના તથા દરેક ધર્મના વ્યક્તિઓને, પોતાના પર્વો તથા તહેવારો ઉજવવાની છૂટ છે, તથા દરેક પંથના વ્યક્તિઓ, પોતાનો મનપસંદ ધર્મ પાળી શકે છે, અને તેથી જ કહેવાય છે કે, વિવિધતામાં પણ એકતા જોવી હોય તો ભારત દેશ જોવા પધારો. આપણી ભારતીય સંસ્કૃતિ દુનિયાના અન્ય દેશો કરતાં ભિન્ન પ્રકારની છે. અહીં દરેક વ્યક્તિઓ શાંતિથી અને સહજતાથી, દરેક પર્વોને આનંદથી માણી શકે છે. આપણાં દેશમાં જેટલાં તહેવારો અને ઉત્સવો ઉજવવામાં તથા મનાવવામાં આવે છે તેટલાં કદાચ દુનિયાના અન્ય દેશોમાં ઉજવાતા નહીં હોય. આપણી ભારતીય સંસ્કૃતિ માનવતાને વરેલી છે તથા માણસાઈ સાથે સુસંગત છે. આપણો દેશ સંસ્કાર અને સંસ્કૃતિ સાથે જોડાયેલો હોવાથી, અહીં દરેક ધાર્મિક તહેવારો બહુ ધૂમધામથી ઉજવવામાં આવે છે.

સામાન્ય રીતે દરેક રાજ્યોના અલગ અલગ તહેવારો હોય છે; પરંતુ એમાં ગુજરાતની વાત સાવ નિરાળી છે. ગુજરાત રાજ્યમાં વસતાં તમામ જ્ઞાતિના નાગરિકો પોતાના દરેક તહેવારો તથા ઉત્સવોને જેટલાં આનંદ,પ્રમોદ અને હર્ષોલ્લાસથી મનાવે તથા માણે છે તેટલાં અન્ય રાજ્યોમાં વસતાં નાગરિકો કદાચ ઓછા પ્રમાણમાં ઉજવતાં હશે. ગુજરાતની અસ્મિતા, ગરિમા તથા સંસ્કૃતિ અલગ અને નોંખા પ્રકારની છે.અહીં બધાં જ તહેવારોને તથા ઉત્સવોને એકસરખું અને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે, એટલે જ આપણાં ગુજરાતને'' જય જય ગરવી ગુજરાત'' કહેવામાં આવે છે.

તહેવારો અને ઉત્સવો ગુજરાતના લોકજીવનનો ધબકાર છે. ઉત્સવો,પર્વો અને તહેવારો માનવીના એકધારા કંટાળાજનક જીવનમાંથી નિરસતા દૂર કરે છે, અને મનને શાંતિ, રાહત અને શુકૂન બક્ષે છે. આપણી બહુરંગી સંસ્કૃતિ એ આપણા સમાજને ઘણાં જ ત્યૌહારોની અનોખી ભેટ આપી છે. આખા વર્ષ દરમ્યાન ભાગ્યેજ કોઈ મહિનો એવો આવતો હશે કે જેમાં કોઈ તહેવાર કે ઉત્સવ ના આવતો હોય.ગુજરાતમાં દરેક ઉત્સવને હળીમળીને; ઉત્સાહથી, ઉમંગ અને ધૂમધામથી ઉજવવામાં આવે છે. અહીં તમામ પર્વોને નાના મોટા, યુવક યુવતીઓ તથા વૃદ્ધો વિગેરે મન ભરીને માણે છે.

આપણાં ઉત્સવોને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી નાખવામાં આવ્યા છે, જેવા કે ધાર્મિક ઉત્સવ, સામાજિક કે સામૂહિક ઉત્સવ તથા રાષ્ટ્રીય ઉત્સવ વિગેરે. મહાશિવરાત્રિ, જન્માષ્ટમી જેવા ધાર્મિક ઉત્સવ, મકરસંક્રાંતિ, ધૂળેટી, દશેરા જેવા તહેવારો એવા છે કે તમામ ધર્મ,વર્ગ તથા જ્ઞાતિના વ્યકિતઓ ભેગા મળીને સામૂહિક રીતે ઊજવે છે એથી આવા તહેવારો સામૂહિક તહેવાર તરીકે ઓળખાય છે.આ ઉપરાંત કારીગર વર્ગ માટે વિશ્વકર્મા જયંતી તથા અમુક પ્રકારના જ્ઞાતિજનો માટે દિવાસો જેવા તહેવારો પણ એનું આગવું મહત્વ ધરાવે છે.રાષ્ટ્રિય તહેવારોમાં સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન, શહિદ દિન વિગેરે પણ તમામ જ્ઞાતિના નાગરિકો સામૂહિક રીતે ઉત્સાહથી ઉજવે છે.આપણાં ભારતીય લશ્કરમાં પણ તમામ જ્ઞાતિના વ્યકિતઓની અલગ અલગ રેજિમેન્ટ બનાવેલી છે અને દરેક રાજ્યનો નૌજવાન દેશ અને માભોમ કાજે ફના થવા હરદમ તૈયાર જ હોય છે.

માણસ રોજબરોજની એકધારી જિંદગીથી કંટાળી ન જાય અને એનું મન પ્રફુલ્લિત અને તાજગી સભર રહે તે હેતુથી જ મેળાઓ, ઉત્સવો તથા તહેવારોનું મહત્વ વધારવામાં આવ્યું હશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. સામાન્ય રીતે દરેક વ્યક્તિ, પોતાની રોજિંદી જિંદગીમાં તથા કામગીરીમાં અતિ વ્યસ્ત રહેતો હોય છે, પરંતુ આવા ઉત્સવો તથા તહેવારોના માધ્યમથી એકબીજાની નજીક આવે છે, આના કારણે માનવો એકબીજાને જાણે તથા સમજે છે અને આ રીતે નવા નવા સંબંધો વધતાં અને વિકસતાં જાય છે. જો તહેવારો કે ઉત્સવોનું માનવ જીવનમાં મહત્વ ન જળવાતું હોય તો કદાચ મનુષ્ય આટલો સમજુ, લાગણીશીલ તથા વિચારશીલ ના બન્યો હોત.માટેજ માનવ જીવનમાં ઉત્સવો, પર્વો તથા તહેવારોનું વિશિષ્ટ અને અલાયદું સ્થાન રહ્યું છે અને રહેશે.

**હેપ્પી એટલે થવાનું છે કે ઈશ્વરે બનાવેલી આ સૃષ્ટિમાં હજી વધુ રહેવાની તક સાંપડી છે! આ સૃષ્ટિનું મહત્વ છે! આ માનવ શરીરનું મહત્વ છે!**

# હેપ્પી બર્થડે ટુ મી ! આઈ કેન ડુ એવ્રીથીંગ! બીકોઝ આઈ એમ સુપર વુમન! હેપ્પી બર્થડેમાં હેપ્પી શું કામ કહેવામાં આવે છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આ પરમ ચૈતન્ય શક્તિ એ પણ આપણી પાસે કંઈક અપેક્ષા રાખી હશે! કંઈક વિચાર્યું હશે! કે માનવ મારી બનાવેલી સૃષ્ટિનું સંવર્ધન કરશે! અન્ય જીવ પ્રત્યે માન સન્માન પ્રેમ અને લાગણીના સંબંધોથી ખૂબ સુંદર જીવન જીવશે, એકોએક સાથે મૈત્રીનો ભાવ રાખશે, સૌને મદદરૂપ થશે, અને તેની જીવનીથી જ આ સૃષ્ટિ સ્વર્ગ જેવી સુંદર બની જશે.**

આજે ૨૬ સપ્ટેમ્બર! મારો જન્મ દિવસ. આપણી સંસ્કૃતિમાં જન્મ દિવસ ઉજવવાની બહુ રીત નથી, અને એમાં પણ કેક કાપીને તો નહીં જ! નાગર કુળમાં જન્મ થયો એટલે દિકરા દિકરીનો ભેદભાવ ક્યારેય નડ્યો નહીં, ઉલટું કુટુંબમાં દિકરીઓ ઓછી હતી એટલે વધુ લાડ પામ્યા. નાના હતાં ત્યારે ચાર ભાઈબહેન માંથી જેનો જન્મ દિવસ હોય એની ઈચ્છા મુજબ રસોઈ કે મિષ્ટાન બનતું! બસ પુરું! વધીને પપ્પા એક જોડ કપડાં અપાવે! પણ એથી વિશેષ કંઈ નહીં, અને છતાં કેટલુંય કર્યું હોય એવું લાગે. જોકે છોકરાંવ મોટા થયા અને એને એમ થાય કે મમ્મીએ આ રીતે જન્મ દિવસ નથી ઉજવ્યો એટલે કેક મોકલાવે, અહીં હોય તો ડેકોરેશન પણ કરે! પણ મૂળમાં પૂર્વની એટલે આપણી સંસ્કૃતિમાં જન્મ દિવસ એટલે જીંદગી માંથી એક વર્ષ ઓછું થયું! એનો ઉત્સવ નહોય! આયુષ્યની ગણતરી ભલે કેટલાં વર્ષ થયાં એની પર નીકળતી હોય! પણ જીંદગી તો એમાંથી કેટલું જીવ્યા એની પર હોય! એટલે આમાં કર્તવ્ય કર્મની બાદબાકી કે પછી મોજમજા એવો અર્થ ન કાઢતાં, જીવનમાં કોઈ લક્ષ્ય સેવ્યું! અથવા તો આપણો પૃથ્વી પર જન્મ શું કામ થયો? કારણકે દર જન્મ લેતી ચેતના ઈશ્વરની ઈચ્છાનું પરિણામ છે! તો આપણાં જન્મ પાછળ એની પણ કંઈક તો ઈચ્છા રહી જ હશે! પણ માનવી પહેલાં પોતાની ઈચ્છા પૂરી કરવામાં જીંદગીનાં ૨૫ વર્ષ વીતાવે, પછીના ૨૫ વર્ષ પરિવારની ઈચ્છા કે જવાબદારીમાં વીતાવે અને પછીના છોકરાંવને ઘરે છોકરાંવ જન્મી ગયા હોય તો દાદા દાદી કે નાના નાની થઈ એડજેસ્ટ થવામાં સમય વીતાવે છે! પોતે શું કામ જન્મ્યાં ?હરવા, ફરવા, જમવા, ઝઘડવા કે પછી કંઈક બીજું પણ કારણ છે??? આ પ્રશ્ન જીવનનાં અંત સુધી થતો નથી. નામ ફાલ્ગુની વસાવડા છે, ૧૯૬૮ની સાલમાં તનસુખ ભાઈ અને શ્વેતુ બેને ઘરે આસો નવરાત્રીમાં સાતમની રાત્રે બાર વાગ્યે એક નારી શક્તિનો જન્મ થયો. બાળપણ કિશોર વય બધું જ માતાપિતાના લાડમાં બહુ ઝડપથી પતી ગયું! અને માત્ર ૨૦ વર્ષની ઉમરે લગ્ન થયાં,અને પ્રેમાળ પતિ સાથે ગૃહસ્થીમાં ડગ માંડી સંસારી બની. બહુ થોડા જ સમયમાં માતા પણ બની, એટલે બહુ સ્વાભાવિક રીતે જ ગગનમાં ઉડતાં પંખીને પાંજરે પુર્યુ હોય એવો કયારેક ભાવ થયો. કર્તવ્ય કર્મ પ્રત્યે ક્યારેય ઉદાસી કે નારાજગી રાખી નહીં. સૌની ઈચ્છાને માન આપવું એવા માતાપિતાના સંસ્કાર હતાં, એટલે આટલાં મોટા પરિવારમાં બધું મૌન રહી જોયે રાખ્યું, અને પૂર્ણ નિષ્ઠા તેમજ પ્રમાણિકતાથી સૌને અપનાવ્યા, હળીમળીને પ્રેમ કે લાગણીની નદી બની વહેવાનું પસંદ કર્યું. પણ જીવનમાં પોતાનું મુલ્ય શું ? અસ્તિત્વ એ પોતાની માટે શું કર્મ નિયત કર્યું હશે? માત્ર બાળકો ઉછેરવા, ઘર રસોડું સંભાળવું, બસ એટલું જ!! એવો કંઈક અભાવ કે અસંતોષ થતો, અને શું કામ એ પણ પકડાતું નહોતું! કારણ રુપિયા પૈસાની તંગી ન્હોતી, કે કોઈ મોજશોખ આડે આવતું ન્હોતું, બાળકો પણ દેખાવડાને અત્યંત બુદ્ધિશાળી, પતિ પણ મહાદેવ સમાન ભોળાં અને પ્રેમ રસિક! બંને વડીલોની છત્રછાયા પણ હતી, એટલે આમ જુવો તો કંઈ જ ખૂટતું નહોતું! છતાં કંઈક કરવું પડશે આ જન્મ ફેરો સફળ બનાવવા. અને શું કરું? શું કરું? અસ્તિત્વ એ મારી માટે શું કોઈ વિશેષ કાર્ય નિયુક્ત કર્યું છે? આ બંને પ્રશ્નોના જવાબ કોઈ સંસારી તો મને આપી ન શકે, માટે હું સદગુરુ ચરણે ગઈ! સદગુરુ ભગવાન ગાયત્રીનાં પરમ ઉપાસક પંડિત શ્રીરામ શર્મા આચાર્યનાં ચીંધેલા માર્ગ પર સ્વયંની જ્યોતિ પ્રગટાવી અજવાળું પ્રાપ્ત કર્યું, અને એમાંથી આ શબ્દ શક્તિ સ્રોત પ્રાપ્ત થયો, કે જે આટલાં ભયંકર કળિયુગમાં પણ મને જાગૃત રાખે છે, અને સત્યનાં પથ પર નિતી પૂર્વક ચલાવે છે. ધીરેધીરે એવું લાગ્યું કે આવી નાની જાગૃતિ ઘણાંના ઘરમાં પ્રસન્નતા લાવી શકે! ઘણાને સત્યનાં પથ પર ચાલવા પ્રોત્સાહિત કરી શકે! અને એમ ૧૯૯૨ની સાલથી ચાલતી સ્વયંની જાગૃતિ માટેની આ લેખની ૧૯૧૯/૨૦ માં કોરોના સમયથી મુખર થઈ! આમ મારા જન્મનું મુખ્ય હેતુ કે કારણ મને આજથી ૩૨ વર્ષ પહેલાં મળી ગયું હતું! એ છે જન જાગૃતિનું, યુગ પરિવર્તન કે યુગ નવ નિર્માણ માટે સદગુરુનાં આ અભિયાનનો હિસ્સો બનવા કદાચ એણે જ મારું વરણ કર્યું છે! અને એટલે જ આ સદ પ્રવૃત્તિ કેવલ સદગુરુ કૃપા હી કેવલમનાં બળે ચાલે છે. આજે તો આપ સૌના અંતરના પ્રેમની વૃષ્ટિથી કેટલાય ન્યુઝ પેપરમાં સ્થાન મળ્યું છે. પ્રથમ ચાન્સ આપનાર નમસ્કાર ગુજરાતના તંત્રી શ્રી કલ્પેશભાઈ પટેલથી શરું થયેલી આ યાત્રા ગાંધીનગર ટુડે, સમય સૌનો, ગુજરાત મેઈલ, વલસાડ કેસરી, એકલવીર, પગદંડી, ગાંધીનગર મેટ્રો, ગાંધીનગર જન ફરિયાદ, લોકશાહીની કલમે, યુગાંતર, સૌરાષ્ટ્ર પ્રતિબિંબ સમય સૌનો, વિકસતું ટંકાર, ચેનલ નાઈન નેટવર્ક, જનતા જોષ, અમદાવાદ કોમ્યુનિટી, સમય શક્તિ મનમંચ, જનશક્તિ, લુહાણા મેગેઝીન, એમ બધાની જરુરીયાત મુજબ બધા પ્રકારના લેખ અને બધી પ્રકારની વાર્તા, આ ઉપરાંત સાહિત્યને લગતાં ૯૫ જેટલા ગ્રૃપમાં રોજ સવારે આ લેખ પોસ્ટ થાય છે, અને સદગુરુ કૃપાથી પ્રતિલિપિ ગુજરાતી એપ પર ૧૦, ૩૦૦૦૦ ઉપર વાચકો છે. અગેઈન હેપ્પી બર્થડે ટુ મી! આઈ કેન એવ્રી થીંગ! બીકોઝ આઈ એમ સુપર વુમન! હેપ્પી બર્થડેમાં હેપ્પી શું કામ કહેવામાં આવે છે? હેપ્પી એટલે થવાનું છે કે ઈશ્વરે બનાવેલી આ સૃષ્ટિમાં હજી વધુ રહેવાની તક સાંપડી છે! આ સૃષ્ટિનું મહત્વ છે! આ માનવ શરીરનું મહત્વ છે! આ પરમ ચૈતન્ય શક્તિ એ પણ આપણી પાસે કંઈક અપેક્ષા રાખી હશે! કંઈક વિચાર્યું હશે! કે માનવ મારી બનાવેલી સૃષ્ટિનું સંવર્ધન કરશે! અન્ય જીવ પ્રત્યે માન સન્માન પ્રેમ અને લાગણીના સંબંધોથી ખૂબ સુંદર જીવન જીવશે, એકોએક સાથે મૈત્રીનો ભાવ રાખશે, સૌને મદદરૂપ થશે, અને તેની જીવનીથી જ આ સૃષ્ટિ સ્વર્ગ જેવી સુંદર બની જશે. પણ આપણે આ ગુઢ અર્થ સિવાયના બધા અર્થ કરીને આટલાં વર્ષો કાઢી નાંખ્યા! વર્તમાન સમાજનું ચિત્ર જોઈ બહુ દુઃખ થાય ! પણ જો અહમ, આગ્રહ, ઈર્ષા, નીંદા, દેખાદેખી અને વેરભાવ છૂટી શકે તો! સમાજમાં હજી પણ રામરાજ્યની આશા સદગુરુ ભગવાન ને દેખાય છે, અને એટલે એમણે આ અભિયાનમાં મને સામેલ કરી, જેની માટે જીવ ખરેખર ધન્યતા અનુભવે છે! ઘણીવાર વિચાર આવે કે સદગુરુની આટલી કૃપાનું કારણ શું? કારણકે આટલાં વર્ષથી ચાલતી આ લેખનીમાં લગભગ કોઈ વિષય એવો નહીં હોય, જે આ કલમ દ્વારા લખાયું નથી! ચિંતનને અંતે જીવ એક નિષ્કર્ષ પર આવ્યો છે કે, બીજું ઘણું ન કરવાં જેવું કર્યું હશે! પણ ઈર્ષા, નીંદા, દેખાદેખી, કપટ, દ્વેષ, અને સ્વપ્નમાં પણ કોઈનું અશુભ વિચાર્યું નથી. ખોટું ખરાબ કરનાર બધાં સાથે મૈત્રીનો જ ભાવ ! બસ આ જ લાયકાત છે! અને એ જ રામરાજ્યની ધરોહર છે! જેની માટે બીજી કોઈ લાયકાતની જરૂર નથી. હવે તો બધાં સમજી જ ગયા હશો કે, પ્રતિભાવ કે પ્રસિદ્ધિ માટે આ લેખ નથી લખાતાં! બસ સદગુરુ કૃપાથી પ્રગટેલ દીપનું અજવાળું વધુ ને વધુ વ્યક્તિ સુધી પહોંચી શકે! એ માત્ર કારણ છે. તો આપણે સૌ ભેગા મળીને સદગુરુના યુગ નિર્માણનો ભાગ બનીએ અને જલ્દી થી જલ્દી રામરાજ્યની સ્થાપના કરી શકીએ, જય સીયારામ.




**કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે, કશ્યપ-દિતિ એનો દાખલો છે, કામથી કર્મનો નાશ થાય છે, ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે**

# લોભથી ભક્તિનો નાશ થાય છે, કામ, ક્રોધ અને લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે, વિવેકથી કામનો નાશ થાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે, બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવ વા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે,તો કહેશે કે કરણનાં ફૂલ આપ.**

ભાગવતમાં સમાધિ ભાષા મુખ્ય છે. લૌકિક ભાષા ગૌણ છે.આમ કહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે. ચાર-ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે. લાભથી લોભ વધે છે.લોભનો અંત પ્રભુ કૃપા વગર થતો જ નથી શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપ વધે.પાપ વધે એટલે ધરતી રસા તળમાં જાય છે.ધરતી એટલે માનવસમાજ દુઃખરૂપી રસાતળ માં ડૂબે છે.જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે. કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપ-દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે. લોભથી ભક્તિનો નાશ થાય છે. કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે.એકનાથજી મહા રાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને,લોભીને તત્કાળ થોડો લાભ થાય છે,પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્ય નો ક્ષય થાય છે. વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે, કામ કર્મનો નાશ કરે છે. તેથી કામ,ક્રોધ,લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાંછે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવ વા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે,તો કહેશે કે કરણનાં ફૂલ આપ.મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘર વાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે. સત્યનારાયણની કથામાં બેસવાનું હોય,તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોરજીને વસ્ત્રપરિધાન કરાવવાનો પ્રસંગ આવે ત્યારે કહેશે, પેલું નાડું લાવેલા તે ક્યાં ગયું!ભગવાન કહે છે,હમ સબ સમજતે હૈ. મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે. આવું ન કરો. ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો. બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓમાં જમનાદાસ ભક્તનું એક દૃષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલવાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે, આજ તો મારા ઠાકોર જીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવન રાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળ ના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે, તેજ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે, એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું.બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે. યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે,મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો. તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમના દાસજી ભક્તને મન તેના ઠાકોર જી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો.જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે. શ્રીનાથજીના માથા ઉપર થી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે, જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી. સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું. પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે. તેથી મન ઉપર સત્સંગ નો ભક્તિનો અંકુશ રાખો. ઈશ્વરનું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી.તેમણે ક્રોધમાં જય વિજયને શ્રાપ આપ્યો કે,રાક્ષસોમાં વિષમતા હોય છે. તમે એવી વિષમતા દેખાડી માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરેએ મહાપાપ છે.સનતકુમારોએ વૈકુંઠ માં ક્રોધ કર્યો. તેથી ભગવાને વિચાર્યું કે,મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવે એ લાયક નથી. આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં. અંદર ગયા હોત પછી બહાર આવવાપણું ન હતું.કારણ ભગવાનનું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી.એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે.ઠાકોરજી સનત કુમારોની સામે જોતા નથી. આજે નજર ધરતી ઉપર છે.જીવનેકરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠાકોર જી દર્શન આપતાં નથી. સ્વદોષ દર્શન એ ઈશ્વર દર્શનનું ફળ છે. સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામું જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે. બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. મને મારા ભક્તો અતિપ્રિય છે. અનન્ય ભક્તિ ન હોય તો મને લક્ષ્મીજી પણ પ્રિય નથી. નિષ્કામ ભક્તિ મનેઅતિશય પ્રિય છે. લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી. ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે. જીવાત્મા પરમાત્માનું લગ્નએ તુલસી વિવાહનું તાત્પર્ય છે. સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે. હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જય-વિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ! સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો. મહાપ્રભુજીએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છેઃકર્મત્યાગ, મૌન ત્યાગ અને સ્થાન ત્યાગ. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના રોજ ચાર-ચાર હાથ વધતા.જો આમ ખરેખર બને તો માતા પિતા ની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે.પણ ભાગવતની આ સમાધિ ભાષા છે.હિરણ્યાક્ષે ખૂબ ભેગું કર્યું છે. હિરણ્યકશિપુએ ખૂબ ભોગવ્યું છે. લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે. હિરણ્યાક્ષને મારવા વરાહ અવતાર થયો. હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યકશિપુએ લોભના ભોગનો અવતાર છે. કામને મારવા એક જ અવતાર લીધો છે.રાવણ-કુંભકર્ણને મારવા રામચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એક જ અવતાર શિશુપાળને મારવા શ્રીકૃષ્ણાવતાર પરંતુ લોભને મારવા માટે બે અવતાર લેવા પડ્યા છે. વરાહા વતાર અને નૃસિંહાવતાર.તે બતાવે છેકે લોભ ને જીતવો બહુ જ મુશ્કેલ છે. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે, પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય. શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો? કોઈ ગણકારે નહીં ત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થામાં પણ છૂટતો નથી. લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગર માં ડૂબી હતી. સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે,માટે લોભને સંતોષથી મારજો. લોભ સંતોષથી મરે, માટે સંતોષ કેળવો. વરાહ ભગવાન એ સંતોષનો અવતાર છે. વરાહાવતાર એ યજ્ઞાવતાર છે.વર અહ એટલે શ્રેષ્ઠ દિવસ.શ્રેષ્ઠ દિવસ કયો?જે દિવસે તમારાહાથે સત્કર્મ થાયતે.શ્રેષ્ઠ કર્મ કરોએટલે દિવસ શ્રેષ્ઠ બનશે.જે કાર્યથીપ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે. સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યાક્ષ છે એટલે કે લોભ છે.વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્રમાંથી બહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી. પૃથ્વી મનુને એટલે મનુષ્યોનેસોંપી જે પોતાની પાસે આવ્યું તે બીજા ને આપી દીધું આ સંતોષ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભાદરવાની કાળઝાળ ગરમી તોબહ તોબાહ કરાવી રહી છે. ત્યારે આપણે સૌ સાવચેતી રાખી સલામત રહેવું રોગચાળો ચાલે છે ત્યારે બહારનો આહાર વિહાર બને ત્યાં સુધી ટાળવો. સૌનું કલ્યાણ થાઓ તેવી શુભકામના સાથે અસ્તુ.


### ફિલ્મ રિલીઝને લઈ ચાલી રહ્યો છે વિવાદ

# પાકિસ્તાની ફિલ્મ ૧૦ વર્ષ બાદ ભારતમાં રિલીઝ થશે

## ફવાદ ખાનની ફિલ્મ ધ લિજેન્ડ ઓફ મૌલા ભટ્ટ ૧૦ વર્ષ બાદ ભારતમાં રિલીઝ થનારી પ્રથમ ફિલ્મ બનશે

પાકિસ્તાન અભિનેતા ફવાદ ખાને ભારતની અનેક ફિલ્મોમાં કામ કર્યું છે, તેને ચાહકો પસંદ પણ કરે છે. આલિયાથી લઈ સોનમ કપુર સાથે પણ કામ કરી ચૂક્યો છે. ફવાદ ખાનની ફિલ્મ ધ લિજેન્ડ ઓફ મૌલા ભટ્ટ ૧૦ વર્ષ બાદ ભારતમાં રિલીઝ થનારી પ્રથમ ફિલ્મ બનશે પરંતુ જ્યારથી પાકિસ્તાનના કલાકારો પર પ્રતિબંધ લાગ્યો છે. ત્યારથી ભારતીય ચાહકોથી અભિનેતા દુર થયો છે. પ્રતિબંધ બાદ ભારતમાં ૧૦ વર્ષ બાદ પહેલી પાકિસ્તાની ફિલ્મ રિલીઝ થવાની તૈયારીમાં છે જેને લઈ ચાહકો પણ ખુબ ઉત્સુક છે.પાકિસ્તાની ફિલ્મ ધ લીજેન્ડ ઓફ મૌલા જટ્ટે દુનિયા ભરમાં ધમાલ મચાવી હતી. ફવાદ ખાન અને માહિરા ખાનની આ ફિલ્મ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. એક રિપોર્ટ મુજબ આ ફિલ્મે દુનિયાભરમાં ૪૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી. આ દરમિયાન તે ભારતમાં રિલીઝ થઈ ન હતી હવે આ ફિલ્મ રિલીઝ થયાના ૨ વર્ષ બાદ ભારતમાં રિલીઝ થશે પરંતુ વિવાદો વચ્ચે આ ફિલ્મ માત્ર એક જ રાજ્યમાં રિલીઝ થશે, તેવા રિપોર્ટ હાલ સામે આવી રહ્યા છે. ધ લીજેન્ડ ઓફ મૌલા જટ્ટ અત્યારસુધી ભારતમાં રિલીઝ ન થવા પાછળનું કારણ ભારત-પાકિસ્તાન બંન્ને વચ્ચેના સંબંધો છે. હવે અંદાજે ૧૦ વર્ષ બાદ આ ફિલ્મ રિલીઝ માટે તૈયાર છે, આને લઈને પણ હવે અનેક વિવાદો સામે આવી રહ્યા છે. ત્યારે ચાહકો માટે પણ એક ચોંકાવનાર સમાચાર એ છે કે, આ ફિલ્મ ભારતમાં રિલીઝ થશે નહિ પરંતુ માત્ર પંજાબમાં જ રિલીઝ થશે. ધ લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ પાકિસ્તાનની સૌથી મોંઘી ફિલ્મ છે. જે ૨૦૨૨માં રિલીઝ થતાં બોકસ ઓફિસ પર છપ્પરફાડ કમાણી કરી હતી. હવે આ ફિલ્મ ૨જી ઓક્ટોમ્બરના રોજ ભારતમાં રિલીઝ થવા માટે તૈયાર છે. હજુ પણ પાકિસ્તાનની ફિલ્મને લઈ વિવાદો સામે આવી રહ્યા છે. રાજ ઠાકરે પણ આ ફિલ્મને લઈ ભડક્યા છે તેમણે કહ્યું કોઈ પણ પાકિસ્તાનના કલાકારોની ફિલ્મ ભારતમાં રિલીઝ થવા દેશે નહિ. તમને જણાવી દઈએ કે, ફવાદ ખાન અને માહિરા ખાન સ્ટાર ફિલ્મ ધ લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ ૧૯૭૯માં આવેલી ફિલ્મ મૌલા જટ્ટની રીમિકસ છે. જેમણે બિલાલ લશારીએ ડાયરેક્ટ કરી હતી.



### 'બાત ઉસીકી હોતી હે જીન મે કોઈ બાત હોતી હે': રોહનપ્રીત

# નેહા કક્કર સાથે છૂટાછેડાના સમાચાર પર પતિ રોહનપ્રીત સિંહે તોડ્યું મૌન



## નેહા કક્કર અને રોહનપ્રીત સિંહના લગ્ન વર્ષ ૨૦૨૦માં આનંદ કારજ સમારોહમાં થયા હતા, બંનેએ દિલ્હીના ગુરુદ્વારામાં લગ્ન કર્યા હતા

નેહા કક્કર અને રોહનપ્રીત સિંહના લગ્ન વર્ષ ૨૦૨૦માં આનંદ કારજ સમારોહમાં થયા હતા. બંનેએ દિલ્હીના ગુરુદ્વારામાં લગ્ન કર્યા હતા. આ દંપતીના લગ્નને ચાર વર્ષ થયા છે અને તાજેતરમાં અફવાઓ સામે આવી હતી કે તેઓ છૂટાછેડા લેવા જઈ રહ્યા છે. હવે રોહનપ્રીતે આખરે આ અફવાઓ પર ખુલીને વાત કરી છે અને સાચું સત્ય જણાવ્યું છે. ઈન્સ્ટન્ટ બોલિવૂડને આપેલા ઈન્ટરવ્યુમાં રોહનપ્રીત સિંહે નેહા કક્કર સાથે છૂટાછેડાના સમાચાર પર પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું- 'અફવાઓ માત્ર અફવાઓ છે, તે સાચી નથી, તે માત્ર બનેલી વસ્તુઓ છે. કાલે કોઈ કંઈક કહેશે, તો બીજા દિવસે કોઈ કંઈક કહેશે, તો તમારે તેને તમારા અંગત સંબંધો પર અસર ન થવા દેવી જોઈએ.રોહનપ્રીત સિંહે આગળ કહ્યું- 'મને લાગે છે કે તમારે આવી વાતો એક કાનેથી સાંભળવી જોઈએ અને બીજા કાનેથી કાઢી નાખવી જોઈએ. કાં તો તમે બિલકુલ સાંભળતા નથી. એવું પણ ન વિચારો કે કોઈ આવી વાત કરી રહ્યું છે. આ લોકોનું કામ છે, જો તેઓને તે કરવામાં આનંદ આવતો હોય તો તે કરવા દો. આપણે જે પણ જીવન પસાર કરીએ છીએ, આપણે તેને આપણા પોતાના મુજબ જીવીએ છીએ. તેથી બંને અલગ હોવા જોઈએ. બંનેએ દિલ્હીના ગુરુદ્વારામાં લગ્ન કર્યા હતા તે ફક્ત તે જ વ્યક્તિ વિશે છે જેની પાસે વાત કરવા માટે કંઈક છે, તેથી વાતચીત ચાલુ રાખવી જોઈએ જેથી તે બતાવે કે આપણે વધી રહ્યા છીએ. તમને જણાવી દઈએ કે ઘણા સમયથી એવા સમાચાર હતા કે નેહા કક્કર અને તેના પતિ રોહનપ્રીત સિંહ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં કપલ છૂટાછેડા લેવાના છે. પરંતુ રોહનપ્રીતે તેના નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે તેના લગ્ન જીવનમાં બધુ બરાબર છે અને છૂટાછેડાના સમાચાર માત્ર અફવા છે અને તેમાં કોઈ સત્ય નથી.



# સાઉથ સ્ટાર ચિરંજીવીનું નામ ગિનિસ બુકમાં નોંધાયું

સાઉથ સ્ટાર ચિરંજીવીએ એક મોટી ઉપલબ્ધિ પોતાને નામ કરી છે. તેનું નામ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું છે. તેમણે પોતાના ૪૫ વર્ષના કરિયરમાં ૧૫૬ ફિલ્મો કરી હતી. જેમાં ૫૩૭ ગીતમાં ૨૪,૦૦૦થી વધુ ડાન્સ મૂવ્સ કર્યા છે. સાઉથના સુપરસ્ટાર ચિરંજીવી કોનિડેલાએ પાતાના ચાહકોને એક ગુડ ન્યુઝ આપ્યા છે. તેનું નામ ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું છે. તેમણે ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સૌથી સફર સ્ટારના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. ગિનીસ વર્લ્ડ રેકોર્ડના પ્રતિનિધિએ તેમણે આ સન્માન આપ્યું છે.તેની સાથે બોલિવુડ સ્ટાર આમિર ખાન પણ સ્ટેજ હતો. તેમણે ૪૫ વર્ષના કરિયરમાં ૧૫૬ ફિલ્મોમાં ૫૩૭ ગીતમાં ૨૪,૦૦૦થી વધુ ડાન્સ મૂવ્સ કર્યા છે. ચિરંજીવીને મળેલા ગિનીસ વર્લ્ડ રેકોર્ડના સર્ટિફિકેટ પર લખ્યું છે. ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી સફળ અભિનેતા, ડાન્સર અને મેગા સ્ટાર આ સન્માન પર અભિનેતાએ પ્રતિક્રિયા આપતા કહ્યું તેમને ગિનીસ વર્લ્ડ રેકોર્ડની ક્યારે પણ આશા ન હતી.પવન કલ્યાણના ભાઈ અને ચાહકો વચ્ચે મેગાસ્ટારના નામથી મશહુર ચિરંજીવી ચાહકો વચ્ચે ખુબ લોકપ્રિય છે. પવન કલ્યાણે કહ્યું કે, "મુશ્કેલીભર્યા સંજોગો વચ્ચે આ સમાચાર ખૂબ જ મધુર અને સુખદ છે. મેં તેને અભિનંદન આપ્યા. રેકોર્ડ બહુ મોટી વાત છે, ચિરંજીવીનો ભાઈ પણ સાઉથનો મોટો સ્ટાર છે. તેમને પાવર સ્ટાર નામથી બોલાવવામાં આવે છે. ચાહકોને તેમની ફિલ્મો ખુબ ગમે છે. તે રાજનીતિમાં પણ સક્રિય છે. તે હાલમાં આંધ્ર પ્રદેશના ઉપમુખ્યમંત્રી પણ છે.



### હોટનેસમાં તો મલાઈકાને પણ પાછળ પાડી દે આ અભિનેત્રી

# ૬૪ વર્ષે પણ ગજબની સુંદર લાગે છે

બોલીવુડમાં એક સમયે આ અભિનેત્રીનો સિક્કો ચાલતો હતો. તેની સુંદરતા પાછળ લોકો પાગલ હતા. તે જમાનામાં તે એક ડ્રીમ ગર્લ, એક મોડલ પણ હતી. આજે ૬૪ વર્ષે પણ આ અભિનેત્રી એટલી જ સુંદર અને યુવા દેખાય છે. સુંદરતા એવી કે બોમ્બશેલ ગણાતી મલાઈકા અરોડાને પણ પાછળ પાડે. આ અભિનેત્રી બીજુ કોઈ નહીં પરંતુ સંગીતા બીજલાણી છે. યાદ છે ને ત્રિદેવ ફિલ્મ? જેના ગીતોએ ધૂમ મચાવી હતી. ૧૯૮૦માં સંગીતાએ મિસ ઈન્ડિયાનો ખિતાબ જીત્યો હતો. મોડલિંગના દિવસો દરમિયાન જ બોલીવુડમાં ભાઈજાનના નામથી ઓળખાતા સલમાન ખાનને પ્રેમ કરી બેઠી હતી. બંને એક બીજાને ડેટ કરતા હતા. ૮૦ના દાયકાના અંતમાં જ્યારે સલમાન ખાન બોલીવુડમાં છવાઈ જવાની શરૂઆત કરતો અને અને સંગીતા એક જાણીતી અભિનેત્રી બની ચૂકી હતી ત્યારે એવું ચર્ચાતું હતું કે બંને લગ્ન કરવાના હતા અને લગ્નના કાર્ડ સુદ્ધા છપાઈ ગયા હતા. પરંતુ ભાગ્યને તો કઈક અલગ જ મંજૂર હતું. લગ્ન થવાના હતા કે સંગીતાએ સલમાન ખાનને અન્ય એક અભિનેત્રી સોમી અલી સાથે જોઈ લીધો. બસ પછી તો સંગીતાએ સલમાન ખાન સાથે સંબધ તોડી નાખ્યો અને લગ્ન પણ ન કર્યા. ત્યારબાદ સંગીતાના જીવનમાં ક્રિકેટર મોહમ્મદ અઝહરુદ્દીન આવ્યો. એક જાહેરાતના શુટિંગ દરમિયાન અઝહરુદ્દીન અને સંગીતાની મુલાકાત થઈ. જાણીતા ક્રિકેટરને પહેલી નજરમાં જ સંગીતા જોડે પ્રેમ થઈ ગયો. જો કે અઝહરૂદ્દીન પરિણીત હતો અને બે બાળકો પણ હતા. પરંતુ સંગીતાના પ્રેમમાં તેણે પત્નીને તલાક આપી દીધા અને ૧૯૯૬માં સંગીતા સાથે લગ્ન કરી લીધા. એવું કહેવાય છે કે સંગીતાએ પ્રેમ ખાતર ઈસ્લામ ધર્મ પણ કબૂલ કર્યો હતો. લગ્ન બાદ તે આયેશા બેગમના નામથી ઓળખાતી હતી. પરંતુ આ સંબંધ ટક્યો નહીં અને ૧૪ વર્ષ બાદ તૂટી ગયો. ૨૦૧૦માં બંનેના ડિવોર્સ થઈ ગયા. બોલીવુડની સુંદર અભિનેત્રી હોવા છતાં, મિસ ઈન્ડિયાનો ખિતાબ જીતવા છતાં, સંગીતા બિજલાણીને પ્રેમમાં ક્યારેય સફળતા મળી નહીં. આજે ૬૪ વર્ષની ઉંમરે પણ તે સિંગલ છે. પરંતુ આ ઉંમરે પણ તેની સુંદરતા, સ્ટાઈલ, ફિટનેસ જોઈને લોકો દંગ રહી જાય છે. શું ખરેખર તે ૬૪ વર્ષની છે કે પછી?



# War 2ના સેટ પરથી રિતિક રોશન અને કિયારા અડવાણીનો ખાસ સીન લીક

## વર્ષ ૨૦૨૫માં બોલિવૂડની ઘણી મોટી ફિલ્મો બોક્સ ઓફિસ પર ધમાલ મચાવવાની તૈયારી કરી રહી છે, બંને વચ્ચે જોરદાર એક્શન થવાનું છે

વર્ષ ૨૦૨૫માં બોલિવૂડની ઘણી મોટી ફિલ્મો બોક્સ ઓફિસ પર ધમાલ મચાવવાની તૈયારી કરી રહી છે. આમાંની એક છે રિતિક રોશનની વોર ૨. જુનિયર એનટીઆર અને રિતિક રોશન ઘણા એક્શન સીન શૂટ કરી ચૂક્યા છે. આ દિવસોમાં અભિનેતા એક રોમેન્ટિક ગીતના શૂટિંગ માટે કિયારા અડવાણી સાથે છે. આ દરમિયાન ફિલ્મનો એક મહત્વપૂર્ણ સીન લીક થયો હતો.હાલમાં YRF સ્પાય યુનિવર્સની ઘણી મોટી ફિલ્મો પર કામ ચાલી રહ્યું છે. આમાંથી એક રિતિક રોશન અને જુનિયર એનટીઆરની વોર ૨ છે. આ યુનિવર્સની આગામી ફિલ્મ હશે, જે વર્ષ ૨૦૨૫માં રિલીઝ થશે. હાલમાં રિતિક રોશન બાકીનો ભાગ પૂરો કરી રહ્યો છે. ફિલ્મમાં રિતિક રોશન કબીરની ભૂમિકા ભજવી રહ્યો છે, જ્યારે જુનિયર એનટીઆર વિલનનો રોલ કરી રહ્યો છે. બંને વચ્ચે જોરદાર એક્શન થવાનું છે. લગભગ તમામ હાઈ ઓક્ટેન સીન શૂટ થઈ ચૂક્યા છે. કિયારા અડવાણી તેના ભાગનું શૂટિંગ કરી રહી છે. આ ફિલ્મમાં રિતિક રોશન અને કિયારા અડવાણીની રોમેન્ટિક કેમેસ્ટ્રી જોવા મળશે. બંને ઈટાલીમાં શૂટિંગ કરી રહ્યા છે. આ દરમિયાન ફિલ્મનો સીન લીક થયો હતો. રિતિક રોશન અને કિયારા અડવાણીના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ક્લિપ જોઈને લાગે છે કે બંને ફિલ્મના કોઈ ગીત માટે શૂટિંગ કરી રહ્યા છે. એકદમ કેઝ્યુઅલ લુકમાં દેખાઈ રહી છે. રોમેન્ટિક ગીતનું શૂટિંગ ઈટાલીમાં ચાલી રહ્યું છે. જ્યાં કિયારા અડવાણી ચેક પ્રિન્ટેડ શોર્ટ ડ્રેસમાં જોવા મળી રહી છે. સફેદ ટી-શર્ટ અને ઓપન શર્ટમાં હૃતિક રોશન એકદમ કૂલ લાગી રહ્યો છે.'વોર ૨'ની સફળતા માટે મેકર્સ ઘણા એવા ફોર્મ્યુલા અપનાવી રહ્યા છે જે પહેલા ભાગમાં અપનાવવામાં આવ્યા ન હતા. પરંતુ હવે આ થઈ રહ્યું છે. ઈટલીના બેકડ્રોપ પર આ ગીત બનાવવામાં આવ્યું છે. વાયરલ ક્લિપમાં જોવા મળે છે કે કિયારા અડવાણી દોડીને હૃતિક રોશનને ગળે લગાવે છે. આ ગીતનું શૂટિંગ એક સુંદર લોકેશન પર થઈ રહ્યું છે. આ દરમિયાન બંને વચ્ચે કેટલાક રોમેન્ટિક સીન્સ પણ જોવા મળ્યા હતા.



# રણદીપ હુડ્ડાની 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' ફિલ્મ ૯૬માં એકેડેમી એવોર્ડ્સમાં સામેલ

## ફિલ્મના પ્રોડયુસરે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર પોસ્ટ શેર કરી આ વાતની જાણકારી આપી છે, ફિલ્મમાં રણદીપે સ્વાતંર્ત્ય વીર સાવરકરની ભૂમિકા નિભાવી છે

રણદીપ હુડ્ડાની ફિલ્મ સ્વાતંર્ત્ય વીર સાવરકરને ચાહકો અને ક્રિટિક્સનો સારો રિસ્પોન્સ મળ્યો હતો. આ ફિલ્મથી રણદીપે નિર્દેશક તરીકે ડેબ્યુ કર્યું હતુ. ફિલ્મમાં રણદીપ સાથે અંકિતા લોખંડે મુખ્યભૂમિકામાં જોવા મળી હતી. આ ફિલ્મ ભલે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી શકી નહિ પરંતુ હવે આ ફિલ્મને લઈ મોટું અપટેડ સામે આવ્યું છે. ધ ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ સ્વાતંર્ત્ય વીર સાવરકરનું નામ ઓસ્કર ૨૦૨૪ માટે મોકલ્યું છે. સ્વાતંત્ર્ય વીર સાવરકર સિવાય કિરણ રાવની લાપતા લેડીઝને પણ ૯૬માં એકેડમી એવોર્ડ માટે મોકલવામાં આવી છે. ફિલ્મમાં રણદીપે સ્વાતંર્ત્ય વીર સાવરકરની ભૂમિકા નિભાવી છે. અભિનેતાએ આ ફિલ્મ માટે શાનદાર ટ્રાન્સફોર્મેશન પણ કર્યું હતુ. ફિલ્મના પ્રોડ્યુસર આનંદ પંડિત,સંદિપ સિંહ અને રણદીપ હુડ્ડા તેમજ અન્ય ટીમ મેમ્બર્સ પણ આ વાતથી ખુબ ખુશ છે.ફિલ્મના પોડ્યુસર સંદીપે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ પોસ્ટ શેર કરી લખ્યું ખુબ સન્માનની વાત છે. અમારી ફિલ્મને ઓફિશિયલ ઓસ્કર માટે મોકલવામાં આવી છે. જેના માટે અમે ફેડરેશન ઓફ ઈન્ડિાને આભાર માનીએ છીએ. અમારા તમામ માટે આ ફિલ્મની જર્ની ખુબ ખાસ રહી છે. એ તમામનો આભાર જેમણે અમને સાથ આપ્યો છે. સંદીપની આ પોસ્ટ પર ચાહકોનું રિએક્શન પણ સામે આવી રહ્યું છે. ફિલ્મના પ્રોડયુસરે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર પોસ્ટ શેર કરી આ વાતની જાણકારી આપી છે, આ ફિલ્મ વિનાયક દામોદર સાવરકર ઉર્ફે વીર સાવરકરના જીવન પર આધારિત છે. ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'નું નિર્દેશન રણદીપ હુડ્ડાએ કર્યુ છે. નિર્દેશક તરીકે આ તેમની પ્રથમ ફિલ્મ છે. આ ફિલ્મ માટે અભિનેતાએ ઘણી મહેનત કરી છે. તેનો લુક અને બોડી ટ્રાન્સફોર્મેશન અદભુત હતુ. તમને જણાવી દઈએ કે, આ ફિલ્મ માટે અભિનેતાએ ૩૦ કિલો વજન ઓછું કર્યું હતુ.જો તમે આ ફિલ્મ પરિવાર સાથે ઘરે બેસીને જોવા માંગો છો. તો તમને જણાવી દઈએ કે, આ ફિલ્મ તમે ઓટીટી પર જોઈ શકો છો.





### ચંકી પાંડે ઉત્તમ કોમેડી માટે જાણીતા છે કોમેડીથી જીત્યા દિલ

# પ્રોડ્યુસર સામે ડાન્સ કરવો પડ્યો હતો

ચંકી પાંડેએ પોતાના ડાન્સિંગ અને પરફેક્ટ કોમિક ટાઈમિંગથી ચાહકોના દિલમાં જગ્યા બનાવી છે. ચંકી પાંડે આજે ઈન્ડસ્ટ્રીનું મોટું નામ છે. તેમની પુત્રી અનન્યા પાંડેએ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. પરંતુ ચંકી માટે આ નામ અને ખ્યાતિ મેળવવી એટલી સરળ ન હતી. આ માટે તેણે ઘણી મહેનત કરી હતી. ચંકીએ પાર્ટ ટાઈમ જોબ પણ કરી હતી. ચંકી પાંડેએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું - મારા સંઘર્ષના દિવસો ઘણા અલગ હતા. તે સમયે કાસ્ટિંગ ડિરેક્ટર્સ અને ડિજિટલ મીડિયા નહોતા. તેથી નિર્માતાઓને મળવા માટે અમારે લાંબી કતારોમાં ઉભા રહેવું પડ્યું. અમે તેમની સામે ડાન્સ કરતા અને લોકપ્રિય ફિલ્મોના દ્રશ્યો ભજવતા. આ સિવાય ચંકીએ જણાવ્યું કે તેણે સંઘર્ષના દિવસોમાં બીજા પણ ઘણા કામ કર્યા. ચંકીએ કહ્યું- તે સરળ નહોતું, પણ મજા આવી. એ મારા સંઘર્ષના દિવસો હતા. હું પાર્ટ ટાઈમ કાર ડીલર હતો. તેથી મને તે કાર ચલાવવાનો મોકો મળ્યો. હું રોજ નવી કારમાં બેસીને પ્રોડ્યુસરની ઓફિસ જતો. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો ચંકી છેલ્લે ૨૦૨૨માં ફિલ્મ સરદારમાં જોવા મળ્યો હતો. આ એક તમિલ ફિલ્મ હતી. ૨૦૨૨ પછી તે કોઈ ફિલ્મમાં જોવા મળ્યો નથી. તેણે લાંબા સમયથી હિન્દી ફિલ્મોમાં પણ કામ કર્યું નથી. હવે ૨૦૨૬માં તે આંખ મિચોલીમાં જોવા મળશે. દરમિયાન, તે વેબ સિરીઝ પોપ કૌન? માં જોવા મળ્યા હતા. ચંકી પાંડેએ તેઝાબ, ખતરોં કે ખિલાડી, મિટ્ટી ઔર સોના, ઘર કા ચિરાગ, ઝખ્મ, કોહરામ, ખિલાફ, ભૂત બંગલા, યે હૈ મુંબઈ મેરી જાન, અપના સપના મની મની, હાઉસફુલ, રેડી, ક્યા સુપરકૂલ હૈ હમ જેવી ફિલ્મો કરી છે.



# ઝાલોદ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં યોજાયો

### અરજદારોના વિવિધ પ્રશ્નોનો સંતોષકારક નિવારણ લાવતા કલેક્ટર યોગેશ નિરગુડે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (માહિતી) ડાંગ, તા.૨૫ ।

ઝાલોદ મામલતદાર કચેરી ખાતે જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ ખાતે આજે તાલુકા સ્વાગત કાર્યક્રમ વર્ગ ૧ ના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કલેક્ટર દ્વારા ઝાલોદ ખાતેની મામલતદાર કચેરીએ અરજદારના પ્રશ્નો સાંભળવામા આવ્યા હતા. આ પ્રશ્નોનો પણ કલેકટર નિરગુડે દ્વારા સુખદ ઉકેલ લાવવામા આવ્યો હતો. જેમાં અરજદારોએ બસ સ્ટોપ ફાળવણી, ભારે વરસાદને કારણે થયેલ નુકશાન, પ્રધાન મંત્રી આવાસ યોજના, જમીન સહિત અન્ય પ્રશ્નોની રજૂઆત કરી હતી. કલેકટર યોગેશ નિરગુડે એ અરજદારના પ્રશ્નોને સાંભળ્યા બાદ આ બાબતે સંબંધિત અધિકારીને જરૂરી સૂચનો આપ્યા હતા. અરજદારોના વિવિધ પ્રશ્નોનો સંતોષકારક નિવારણ મળતા તેમણે સરકારના સ્વાગત કાર્યક્રમ માટે સરકારને ધન્યવાદ પાઠવ્યા હતા. મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ અંતર્ગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ ''સ્વાગત'' ની શરૂઆત તા.૨૪મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરાઈ હતી. જે અંતર્ગત આજે દાહોદ જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકોના પ્રશ્નોનું અધિકારીઓએ સંતોષજનક નિરાકરણ કર્યું છે.

આ સાથે જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેએ મામલતદાર કચેરીએ વિવિધ શાખાનું નિરીક્ષણ કર્યું હતું ટાંડી ગ્રામ પંચાયત, ટાંડી પ્રાથમિક શાળાની મુલાકાત અને ટાંડી આંગણવાડી કેન્દ્રની મુલાકાત કરીને જરૂરી સૂચનો કર્યા હતા.

આ વેળાએ ઝાલોદ પ્રાંત અધિકારી એ.કે. ભાટિયા, ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ઝાલોદ તાલુકા વિકાસ અધિકારી કે.એચ.ગઢવી, નાયબ મામલતદાર, લીમડી સર્કલ ઓફીસર, તલાટી અને સરપંચ, આંગણવાડી કાર્યકર બહેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આઈ. પી.મીશન સ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા બસ સ્ટેશનમા વોલ પેઇન્ટિંગ કરી સ્વચ્છતા અંગે સંદેશો પાઠવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

આજરોજ સ્વચ્છતા હી સેવા સંસ્કાર સ્વચ્છતા સ્વભાવ સ્વચ્છતા કેમ્પેન ૨૦૨૪ અંતર્ગત આઈ.પી. મિશન સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વોલ પેઈન્ટિંગનો કાર્યક્રમ કરવામાં આવી અને મુસાફર જનતાને તેમજ નિગમના કર્મચારીઓને સ્વચ્છતા નો સંદેશો પાઠવવામાં આવેલ હતો. ડેપો મેનેજર નિલેશ મુનિયા દ્વારા પણ સુંદર સાથ સહકાર આપી સ્કૂલના બાળકોનું પ્રોત્સાહન વધારતા તેમના સાથે સ્વચ્છતા હી સેવા કેમ્પેઈનમા જોડાયા હતા.

# કલેક્ટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સ મીટ યોજાઈ



। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

સોશીયલ મિડીયા દ્વારા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમને લોકો સુધી પહોંચાડવા અપીલ વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સ સાથે સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સ મીટ યોજાઈ હતી. કલેક્ટરશ્રીએ સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સને હાલમાં રાજ્યમાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાનને સોશિયલ મિડીયાના માધ્યમથી લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી. કલેક્ટરશ્રીએ સ્વચ્છતા હી સેવા અભિયાન અંગે ઈન્ફ્લ્યુએન્ઝર્સને જાણકારી આપી હતી. સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતાની થીમ વિશે માહિતી આપી આ અભિયાનના ઉદ્દેશ્યને લોકો સુધી પહોંચાડવા જણાવ્યું હતું. તેમજ તા. ૨જી ઓક્ટોબરના રોજ સમગ્ર જિલ્લામાં દરેક સ્થળોએ સફાઈ અભિયાનની ઝુંબેશમાં ભાગીદાર થવા જણાવ્યું હતું. આ મીટમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડૉ. કરનરાજ વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, નિવાસી અધિક કલેક્ટરશ્રી એ. આર. જહા, ડીઆરડીએ નિયામકશ્રી એ. કે. કલસરિયા, પ્રાંત અધિકારી આસ્થા સોલંકી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ઉમેશ શાહે અને નાયબ માહિતી નિયામક ભાવના વસાવાએ સોશિયલ મિડીયાના સહયોગથી સ્વચ્છતા હી સેવા અભિયાનને લોકો સુધી પોંહચાડવા માટે અને લોકોની આ અભિયાનમાં ભાગીદારી થાય તે માટે પ્રયત્નો કરવા જણાવ્યું હતું. સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સએ પોતાના અભિપ્રાયો જણાવી કેવી રીતે ભાગીદારી વધારી શકાય તે માટે સૂચનો કર્યા હતા.

# ઝાલોદની આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં એન. એન.એસ દિવસની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદની શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે એન.એન.એસ દિવસની ઉજવણી ઉત્સાહ પૂર્વક કરવામાં આવી. આ કાર્યક્રમમાં એન.એન.એસના વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નૃત્ય, ગીત, જનજાગૃતિ માટે નાટક, એકપાત્રીય અભિનય વગેરે પ્રસ્તુત કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મેઘનાબેને એન.એન. એસનો પરિચય આપ્યો હતો. એન. એન. એસ. વિભાગના કૉ ઓર્ડીનેટર ડૉ. બહાદુરસિંહ ગોહિલ સાહેબે બધા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. કોલેજના આચાર્ય મધુકરભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન હર્ષદભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજનો શૈક્ષણિક સ્ટાફ તથા મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝાલોદ કસ્બા વિસ્તારમાં ૨૦ કિલો ગૌમાંસ પકડાયુ : એક આરોપીને પોલિસે ઝડપી પાડયો

### નગરમાં ચર્ચા મુજબ ગૌમાંસ સાથે પકડાયેલ વ્યક્તિ અન્ય દુકાનોમા પણ માલ વેચતો હતો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ પોલિસ ૨૪-૦૯-૨૦૨૪ ના રોજ નગરમાં પેટ્રોલીંગમા હતી તે દરમ્યાન અંદાજીત સવારના ૭:૩૦ કલાકે પોલિસને બાતમી મળેલ હતી કે ઝાલોદ કસ્બા ફળિયામાં હુસૈની ચોકમા તોસીફ ઈબ્રાહીમ ભઠીયારાના મકાનમાં આરોપી ગેરકાયદેસર રીતે વગર પરમીટે ગૌમાંસ વેચી રહેલ છે તેના આધારે ઝાલોદ પોલિસ ત્યાં પહોંચી તપાસ કરતા પોલીસને શકમંદ જણાતો અંદાજીત ૨૦ કિલો જેની કિમત અંદાજીત કિમત ૪૦૦૦ રૂપિયાનો ગૌમાંસ મળી આવેલ હતો પોલિસ દ્વારા શંકાસ્પદ જણાતુ માંસ શેનુ છે તેની તપાસ અર્થે સુરત એફ.એસ.એલ કચેરી ખાતે મોકલેલ હતો. સુરત એફએસએલ કચેરીએ તપાસ કરતા આ જથ્થો ગૌમાંસ હોવાનું માલુમ પડેલ હતું. પોલિસ દ્વારા ગેરકાયદેસર રીતે પશુઓ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ નોંધી તોસીફ ઈબ્રાહીમ ભઠીયારાની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

જે વ્યક્તિના પર ઝાલોદ પોલિસ સ્ટેશનમા ગૌમાંસ અંગેનો ગુનો દાખલ થયેલ છે તે વ્યક્તિ નગરમાં દુકાનોમાં પણ વેચતો હતો તેવું લોકચર્ચા મા જાણવા મળેલ છે. તો આ વ્યક્તિ ક્યાં ક્યાં માસની વેચતો હતો તે દિશામાં પોલિસ કાર્યવાહી કરે તેવું નગરજનો ઈચ્છી રહેલ છે.

# આહવામાં ટોબેકો ફ્રિ યુથ કેમ્પેઇન ૨.૦ નો પ્રારંભ





। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

ડાંગ જિલ્લા કલેકટર શ્રી મહેશ પટેલના માર્ગદર્શન હેઠળ નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ (NTCP) અંતર્ગત ૬૦ દિવસના ટોબેકો ફ્રિ યુથ કેમ્પેઈન ૨.૦ (Tobacco Free Youth Campaign 2.0)નો આહવા ખાતે શુભારંભ કરવામાં આવ્યો છે. તારીખ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ આહવાની સરદાર વિધ્યાલય ખાતે ડાંગ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી મયનાબેન બાગુલ, તેમજ આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌધરીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનો શુભારંભ કરવામા આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી સુરેશભાઇ ચૌધરીએ તમાકુના વ્યસનથી થતા રોગોની જાણકારી આપી હતી. તેમજ નાની ઉંમરમાં જ બાળકોને વ્યસનની લત લાગવાની શરૂઆત ખોટી કુટેવો, સામાજિક શૈક્ષણિક, આર્થિક બાબતો અંગે વિસ્તતૃ ચર્ચા કરી હતી. અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હિંમાશુ ગામિત દ્વારા નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ (NTCP) અંતર્ગત ૬૦ દિવસના ટોબેકો ફ્રિ યુથ કેમ્પેઇન 2.0 (TFYC) ના સમયગાળા દરમ્યાન ઓછામાં ઓછા ૩૦ આઇ.ઇ.સી. કેમ્પેઇન, ૧૬૦ જેટલા શૈક્ષણિક સંસ્થાઓને TOFEI અંતર્ગત આવરી લેવા, ૨૦ જેટલા ગામડાઓને તમાકુ મુક્ત કરવા તેમજ COTPA-2003 એક્ટ અન્વયે ૧૬ એન્ફોર્સમેન્ટ ડ્રાઇવની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જેમાં જાહેર જન જાગૃતિની પ્રવૃત્તિઓ (IEC), ToFEI અનુપાલન પ્રવૃત્તિઓ, COTPA અને PECA ના અમલીકરણને વધારવા, તમાકુ મુક્ત ગામોની પહેલ અર્થે તેમજ સોશયલ મીડિયામાં IEC વધારવા જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. જેથી લોકોમાં વધુને વધુ જન જાગૃતિ કેળવી તેમને માર્ગદર્શન મળે તે માટેની માહિતી પણ આપી હતી. આ કાર્યક્રમ પ્રસંગે શાળાના વિધ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરી વિજેતા વિધ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા EC પોસ્ટર,પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમ જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલ, આહવાના એન.ટી.સી.પી.સો.વ. દ્વારા શાળાના આચાર્ય શ્રી મહેશ પઢિયાર તેમજ શિક્ષકોના સહકારથી કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો હતો.

# ડાંગ જિલ્લાની મુલાકાતે પધારશે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

આગામી તા.૨૯મી સપ્ટેમ્બરે ડાંગ જિલ્લાની મુલાકાતે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પધારી રહ્યા છે. જેમના સૂચિત કાર્યક્રમ સંદર્ભે યજમાન સંસ્થા તથા જિલ્લા વહીવટી તંત્રએ કાર્યક્રમને આનુસાંગિક કામગીરી હાથ ધરી છે.



શ્રી રામકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ, SRK નોલેજ ફાઉન્ડેશન, અને પ્રયોશા પ્રતિષ્ઠાન આયોજિત 'હનુમંત પ્રાણ પ્રતિષ્ઠાન મહોત્સવ'ના કાર્યક્રમમા તા. ૨૯ મી સપ્ટેમ્બરે, ડાંગ જિલ્લાના સૂપદહાડ ગામે આકાર પામેલા શ્રી હનુમાનજીના મંદિરના લોકાર્પણ સમારોહ માટે પધારનાર રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, સુપદહાડ બાદ માલેગામ ખાતે આયોજિત લોકાર્પણ સમારોહમા ઉપસ્થિત રહી, આશીર્વચન પાઠવશે. રાજયપાલશ્રીના આ સૂચિત કાર્યક્રમ સંદર્ભે જિલ્લા વહીવટી તંત્રે કરવાની થતી આનુસાંગિક વ્યવસ્થા સંદર્ભે, ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલની રાહબરી હેઠળ, સબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ અને યજમાન સંસ્થાના શ્રી પી.પી.સ્વામીજીના સાનિધ્યે, એક બેઠક યોજાઇ હતી. જેમાં કાર્યક્રમ સંદર્ભે જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરી, ઉચ્ચ અધિકારીઓની ટીમે, કાર્યક્રમના સ્થળોની જાત મુલાકાત લઈ, આયોજકોનેજરૂરીસૂચનાઅનેમાર્ગદર્શન પૂરુ પાડ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે, સંસ્થા દ્વારા માતા શબરી અને પ્રભુ શ્રીરામ તથા ભ્રાતા શ્રી લક્ષ્મણજીની ચરણરજથી પાવન થયેલી દંડકારણ્યની આ પાવન ભૂમિ ઉપર વસતા આદિવાસી સમાજની સામાજિક ચેતના માટે 'ડાંગ પ્રયાગ, હનુમાન યાગ' નામક 'હનુમાન યજ્ઞ' શરૂ કરાયો છે. જેના ભાગરૂપે ડાંગ જિલ્લાના ૩૧૧ ગામોમા શ્રી હનુમાનજીના મંદિર બનાવવાનુ યજ્ઞ કાર્ય આરંભાયુ છે. આ કાર્યનુ ૧૦૧મુ મંદિર, સુપદહાડ ખાતે તૈયાર થયુ છે. જેના લોકાર્પણ સમારોહમા રાજયપાલશ્રી ડાંગની ભૂમિ ઉપર પધારી રહ્યા છે. આ કાર્યક્રમમા રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની સાથે સર્વશ્રી રાકેશભાઈ દૂધાત, લાલજીભાઈ પટેલ, અને મનહરભાઈ સાંસપરા સહિત, ૩૧૧ મંદિરના નિર્માણ યજ્ઞના સંકલ્પકર્તા એવા શ્રી ગોવિંદભાઈ ધોળકીયા, અને પ્રેરણામૂર્તિ શ્રી પી.પી. સ્વામીજી પણ વિશેષ ઉપસ્થિત રહેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.

**કન્યા (પ,ઠ,ણ) :**

ાજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. આજે તમે કેન્દ્રસ્થાન રહેશો-અને સફળતા પણ તમારી પહોંચમાં જ છે. કાર્યક્ષેત્ર માં કોઈ મુશ્કેલી હોવા ને કારણે તમે આજે પરેશાન થઈ શકો છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે-કદાચ તેમને લાગે છે કે આમાં તેમણે માથું ન મારવું જોઈએ.

## લાપતા લેડિઝ સ્ક્રીનિંગ વખતે ભાવુક થઈ હતી ટીમ

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

લાપતા લેડિઝ'ને ઓસ્કાર ૨૦૨૫માં ઓફિશિયલ એન્ટ્રી મળી ચૂકી છે. આ દરમિયાન આમિર ખાન પ્રોડક્શને એક વીડિયો શેર કર્યો છે જેમાં ફિલ્મની આખી કાસ્ટ રડતી જોવા મળી રહી છે. આ ફિલ્મને સમીક્ષકો તરફથી ઘણી પ્રશંસા મળી છે. ફિલ્મે પણ સારી કમાણી કરી હતી. હવે વીડિયોમાં આમિર ખાન કિરણ રાવના વખાણ કરતો જોવા મળી રહ્યો છે. વીડિયોમાં જોવા મળે છે કે સ્ક્રીનિંગ પર આમિર ખાન અને કિરણ રાવના નામ દેખાય છે. આ પછી, સ્ક્રીનિંગ જોઈ રહેલા લોકોને બતાવવામાં આવે છે. ફિલ્મના કલાકારોની આંખોમાં આંસુ દેખાય છે. રવિ કિશન પણ રડ્યો અને માઈક પર કહ્યું, મેં દરેક ભાષામાં સાડા સાતસો ફિલ્મો કરી છે પણ હું ક્યારેય રડ્યો નથી. આજે મારી આંખમાં આંસુ હતા. હું એટલું જ કહીશ. આ પછી આમિર ખાન કહે છે, 'મેં વાર્તા પસંદ કરી. મને વાર્તા ગમી તેથી મેં તે કિરણજીને સંભળાવી અને તેમને તે ખૂબ ગમી. આ પછી કિરણ રાવ કલાકારોનો પરિચય કરાવે છે. એક દિગ્દર્શક અને નિર્માતા તરીકે મેં તેના પર જે વિશ્વાસ મૂક્યો હતો તે તેણે ખૂબ સારી રીતે નિભાવ્યો છે. આ અમારા પ્રોડક્શનની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક છે. આભાર કિરણજી. ઓસ્કરમાં ફિલ્મની એન્ટ્રી બાદ ટીમ ઘણી ખુશ છે.

## કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમનું એક સ્ટેન્ડ નબળું અને દર્શકો માટે જોખમી

। (એજન્સી) કાનપુર, તા.૨૫ ।

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે શ્રેણીની બીજી અને છેલ્લી ટેસ્ટ ૨૭ સપ્ટેમ્બરથી કાનપુરમાં રમાશે. પરંતુ, તે પહેલા ઉત્તર પ્રદેશના PWDએ મોટી ચેતવણી આપી છે. ઉત્તર પ્રદેશ PWDએ અનુમાન લગાવ્યું છે કે કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમનું એક સ્ટેન્ડ નબળું છે અને તેને દર્શકો માટે જોખમી ગણાવ્યું છે. PWD અધિકારીઓનું માનવું છે કે સ્ટેન્ડની સ્થિતિ એવી નથી કે તે ટેસ્ટ મેચ દરમિયાન આવનારા તમામ દર્શકોનું વજન સહન કરી શકે. કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમ અંગે ઉત્તર પ્રદેશ PWDએ જે સ્ટેન્ડ વિશે ચિંતા વ્યક્ત કરી છે તે બાલ્કની-Cનો મામલો છે. PWD અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતા પછી, બાલ્કની Cની ટિકિટ તેની સંપૂર્ણ ક્ષમતાના અડધા ટેસ્ટ મેચમાં જ વેચાઈ રહી છે. UPCAના સીઈઓ અંકિત ચેટર્જીએ જણાવ્યું હતું કે PWDએ કેટલીક ચિંતાઓ વ્યક્ત કરી હતી, જેના પછી અમે નિર્ણય લીધો હતો કે અમે બાલ્કની Cની તમામ ટિકિટો વેચીશું નહીં. તેમણે વધુમાં કહ્યું કે અમે તે સ્ટેન્ડ પર માત્ર ૧૭૦૦ ટિકિટ વેચવાની પરવાનગી આપી છે, જ્યારે તેની સંપૂર્ણ સંખ્યા ૪૮૦૦ છે. તેમના જણાવ્યા મુજબ બાલ્કની Cનું રિપેરિંગ કામ ટૂંક સમયમાં શરૂ થશે.

# ઈઝરાયેલી હુમલામાં કમાન્ડર ઇબ્રાહિમ કુબૈસીનું મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ગાઝા યુદ્ધની સાથે ઈસરાયેલ હવે લેબેનોનમાં હિઝબુલ્લા સાથે પણ મોરછો માંડ્યો છે. લેબનોન તરફી લેબનીઝ હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ વચ્ચે તણાવ ચરમસીમા પર છે. આંતરરાષ્ટ્રીય સમુદાયની ચેતવણીને અવગણીને બંનેએ એકબીજાની સરહદ પર હુમલા તેજ કર્યા છે. એ જ ક્રમમાં, મંગળવારે, લેબનીઝ તરફી જૂથને મોટો ફટકો પડ્યો જ્યારે તેમ નો ટોચનો કમાન્ડર ઈબ્રાહિમ મુહમ્મદ કુબૈસીનું ઈઝરાયેલના હવાઈ હુમલામાં મોત થયું છે. હિઝબુલ્લાએ પુષ્ટિ કરી હતી કે કુબૈસી બેરૂત પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યો ગયો હતો. આ હુમલો છ માળની ઈમારતના ત્રણ માળ પર કરવામાં આવ્યો હતો. એક અઠવાડિયાથી ઓછા સમયમાં બેરૂત પર ઈઝરાયેલનો



આ ત્રીજો હુમલો છે. તે જ સમયે, ઈઝરાયેલ અને હિઝબોલ્લાહ વચ્ચે સંઘર્ષ તીવ્ર બન્યા પછી ક્યુબૈસી જૂથનો પ્રથમ સભ્ય છે જેને મૃત જાહેર કરવામાં આવ્યો છે. ઈઝરાયેલની સેનાએ બેરૂત પર હુમલામાં હિઝબુલ્લાહના મિસાઈલ અને રોકેટ યુનિટના ટોચના કમાન્ડરને માર્યા હોવાનો દાવો કર્યો છે. બેરૂતના દહિયાહ ઉપનગરમાં હુમલાનું લક્ષ્ય હિઝબુલ્લાહના રોકેટ અને મિસાઈલ વિભાગના વડા ઈબ્રાહિમ કુબૈસી હતા. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે કહ્યું કે હુમલામાં ઈબ્રાહિમ કુબૈસી અન્ય ટોચના કમાન્ડરો સાથે માર્યા ગયા. ઈબ્રાહિમ રોકેટ અને મિસાઈલ યુનિટનો ટોચનો હિઝબુલ્લાહ કમાન્ડર હતો. તે ઈઝરાયેલ પર અનેક હવાઈ હુમલા માટે જવાબદાર હતો. આ સિવાય તેણે ૨૦૦૦માં ત્રણ ઈઝરાયલી સૈનિકોનું અપહરણ કરીને નિર્દયતાથી હત્યા કરી નાખી હતી. હિઝબુલ્લાએ પણ કુબૈસીના મોતની પુષ્ટિ કરી છે. ઈબ્રાહિમ કુબૈસીએ હિઝબુલ્લાહના કેટલાક રોકેટ અને મિસાઈલ યુનિટને કમાન્ડ કર્યા હતા, જેમાં તેના ચોકસાઈ-ગાઈડેડ મિસાઈલ યુનિટનો પણ સમાવેશ થાય છે. સૈન્યએ અહેવાલ આપ્યો હતો કે ઈબ્રાહિમ કુબૈસી ૧૯૮૦ના દાયકામાં હિઝબુલ્લામાં જોડાયો હતો અને હિઝબુલ્લાહના ઓપરેશન વિભાગમાં વરિષ્ઠ પદ અને બદર પ્રાદેશિક વિભાગના વડા સહિત અન્ય ઘણી મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ નિભાવી હતી. ઈઝરાયેલના હુમલાએ માત્ર એક જ દિવસમાં લેબનીઝને ડરાવી દીધા છે. લોકોએ શાળાઓમાં શરણાર્થી છાવણીઓ બનાવી છે. તેમજ લોકો કાર અને પાર્કમાં સૂઈ રહ્યા છે. સેંકડો લોકો દેશ છોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઈઝરાયેલે મંગળવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે તેના યુદ્ધ વિમાનોએ દક્ષિણ લેબનોન અને ઉત્તરમાં બેકા વિસ્તારમાં હિઝબુલ્લાહ શસ્ત્રો અને રોકેટ લોન્ચર પર "મોટાપાયે સ્ટ્રાઈક કરી હતી.



કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે ઉઝબેકિસ્તાનના રોકાણ, ઉદ્યોગ અને વેપાર પ્રમુખો સાથે મુલાકાત કરી હતી. રિન્યુએબલ એનર્જી, ફર્ટિલાઈઝર અને ફાર્માસ્યુટિકલ સેક્ટરના ક્ષેત્રોમાં પર કરી ચર્ચા બંન્ને દેશો વચ્ચે ડિજિટલ પેમેન્ટ માટે RuPay કાર્ડ અને UPI પર ભાર મુક્યો હતો.

## શા માટે ભરણપોષણના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે આવી ગંભીર ટિપ્પણી કરવી પડી?

। (પ્રતિનિધી) અલ્હાબાદ, તા.૨૫ ।

અલ્હાબાદ હાઈકોર્ટે એક વૃદ્ધ દંપતીની અરજી પર સુનાવણી કરતા ગંભીર ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે વૃદ્ધ દંપતી ભરણપોષણ માટે એકબીજા સામે કાયદાકીય લડાઈ લડી રહ્યા છે, જેનાથી એવું લાગે છે કે કળિયુગ આવી ગયો છે. ૭૫-૮૦ વર્ષની વયના યુગલ ભરણપોષણ ભથ્થું મેળવવા માટે એકબીજા સાથે કાયદાકીય લડાઈ લડી રહ્યા છે. આ ઉંમરે વૃદ્ધ દંપતીની ભરણપોષણની લડાઈ હાઈકોર્ટ સુધી પહોંચી છે, જેના પર કોર્ટે પણ ચિંતા વ્યક્ત કરી છે. એક વૃદ્ધ દંપતી વચ્ચેની લડાઈ હાઈકોર્ટમાં પહોંચી ત્યારે હાઈકોર્ટે કહ્યું કે આ ચિંતાનો વિષય છે. કોર્ટે સુનાવણી દરમિયાન વૃદ્ધ દંપતીને સલાહ આપવાનો પણ પ્રયાસ કર્યો હતો. વાસ્તવમાં પતિએ અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર્યો છે. અલીગઢના



મુનેશ કુમાર ગુપ્તાની અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ સૌરભ શ્યામ શમશેરીએ કહ્યું કે આ કાનૂની લડાઈ ચિંતાનો વિષય છે. તેણે કપલને સલાહ આપવાનો પણ પ્રયાસ કર્યો. મુનેશ કુમાર ગુપ્તાની પત્નીએ તેમની પાસેથી ભરણપોષણ ભથ્થાની માંગણી કરી હતી. ફેમિલી કોર્ટે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. મુનેશે આ આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો છે. ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૨૫ હેઠળ આપેલા આદેશની માન્યતાને પડકારતી અરજી દાખલ કરવામાં આવી છે.

### ૫૦ બાળકો સહિત ૫૫૮ લોકોના મોત

## ઈઝરાયેલે લેબનોનમાં બોંબમારો કરતાં સમગ્ર વિશ્વ સ્તબ્ધ થયું

। (એજન્સી) બૈરુત, તા.૨૫ ।

મધ્ય પૂર્વના દેશો લેબનોન અને ઈઝરાયેલ ૧૮ વર્ષ બાદ ફરી એકવાર સામસામે આવી ગયા છે. લેબનોનના સંગઠન હિઝબુલ્લાના સતત હુમલાના જવાબમાં ઈઝરાયેલે હવે હવાઈ હુમલા શરૂ કર્યા છે. સોમવારે ઈઝરાયેલ એર ડિફેન્સ ફોર્સ (IDF)એ લેબનોનમાં હિઝબુલ્લાહની લગભગ ૧૬૦૦ જગ્યાઓ પર બોંબમારો કરતાં સમગ્ર વિશ્વ સ્તબ્ધ થઈ ગયું છે. મંગળવારે પણ ઈઝરાયેલ તરફથી ડઝનબંધ મિસાઈલો અને રોકેટ છોડવામાં આવ્યા હતા. લેબનોનના સ્વાસ્થ્યમંત્રી ફિરાસ અબિયાદના જણાવ્યા અનુસાર હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ૫૫૮ લોકોના મોત થયા છે. મૃતકોમાં ૫૦ બાળકો અને ૯૪ મહિલાઓનો સમાવેશ થાય છે. હુમલા દરમિયાન માર્યા ગયેલા મોટાભાગના લોકો તેમના ઘરમાં નિઃશસ્ત્ર




હતા. ઈઝરાયેલના હુમલામાં ઘાયલોની સંખ્યા પણ ૨ હજારની નજીક પહોંચી ગઈ છે. સમાચાર એજન્સી એએફપીના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં ૧૮૩૫ લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ લેબેનોનના લોકોને જણાવ્યું છે કે ઈઝરાયેલનું યુદ્ધ લેબનોનમાં હિઝબુલ્લા સાથે છે. તેથી લોકો આ યુદ્ધથી દૂર રહે. ઈઝરાયેલના હવાઈ હુમલા બાદ લેબનોને બુધવાર સુધી તમામ શાળા અને કોલેજો બંધ કરી દીધી છે. બજારો અને જાહેર સ્થળો પણ બંધ છે.

### ભારતે સલામતી સમિતીમાં સુધારાની પહેલને 'શુભ શરૂઆત' ગણાવી

## સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાના પ્રસ્તાવને વૈશ્વિક નેતાઓની સંમતિ

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૫ ।

સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતીમાં સુધારાની ભારત સહિતના દેશોની વર્ષોની માગ ધીરે ધીરે ફળીભૂત થાય તેવી સંભાવનાઓ સર્જાઈ છે. તાજેતરમાં યોજાયેલી સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં પ્રથમવાર સલામતી સમિતીમાં સુધારા અંગેનો વિગતવાર ઉલ્લેખ કરાયો છે. સંયુક્ત રાષ્ટ્રના દસ્તાવેજમાં સલામતી સમિતીમાં સુધારા અંગેના વિગતવાર ફકરાના સમાવેશને ભારતે 'શુભ શરૂઆત' તરીકે ગણાવી છે. ભારતે આ મામલે નિશ્ચિત સમયમર્યાદામાં વાટાઘાટો શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી છે. યુએનમાં એકત્ર થયેલાં વૈશ્વિક નેતાઓએ રવિવારે, સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારા કરી તેને વધુ સમાવેશક, પારદર્શક, અસરકારક, લોકતાંત્રિક, જવાબદાર અને વધુ પ્રતિનિધિત્વ આધારીત બનાવવા અંગેની 'પેક્ટ ઓફ ફ્યુચર'ને સર્વસંમતિથી સ્વીકારી



હતી. યુએનના અધિકારીઓએ 'પેક્ટ ઓફ ફ્યુચર'ને સિક્યુરિટી કાઉન્સિલના વર્ષોથી વિલંબિત સુધારા તરીકે ગણાવી હતી. આ અંગે એક સવાલના જવાબમાં ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે, યુએનની સમિટમાં પ્રથમવાર સલામતી સમિતીના સુધારા અંગેના વિગતવાર ફકરાનો સમાવેશ કરાયો છે. તેમાં આપણે વિચારીએ છીએ અથવા તો આપણે ઈચ્છીએ છીએ તે તમામ વિગતો કદાચ ના હોય પરંતુ આ એક સારી શરૂઆત છે. અત્યાર સુધી આ સ્તરની મંત્રણાઓમાં આપણે ક્યારેય નક્કર ચર્ચા થઈ હોય તેવું નહોતું જોયું, જોકે આ વખતે તે દિશામાં મહત્વનું પગલું ભરાયું છે, જે અત્યંત હકારાત્મક બાબત છે. યુએનમાં યોજાયેલી વૈશ્વિક નેતાઓની બેઠકમાં આળિકાને અત્યાર સુધી થયેલાં ઐતિહાસિક અન્યાયને દૂર કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સર્વસંમતિ સધાઈ હતી. આ ઉપરાંત તેમાં સિક્યુરિટી કાઉન્સિલનું વિસ્તરણ કરી તેમાં વધુ દેશોના પ્રતિનિધિઓને સામેલ કરવા પણ સહમતિ સધાઈ હતી. અમેરિકાની ત્રણ દિવસની સફળ મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સાંજે નવી દિલ્હી પરત ફર્યા હતાં. પોતાની ત્રણ દિવસની યાત્રા દરમિયાન પીએમ મોદીએ વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરી તેમને ભારતમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું. પ્રવાસ દરમિયાન તેમણે ક્વોડ બેઠકમાં ભાગ લેવા ઉપરાંત અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનના વડાઓ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી હતી.

## અભિનેત્રીએ મુંબઈની કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

બોલિવૂડ એક્ટ્રેસ ઉર્મિલા માર્તોંડકર લાંબા સમયથી મોટા પડદાથી દૂર છે, પરંતુ તે સોશિયલ મીડિયા પર અવારનવાર પોતાના ફેન્સ સાથે જોડાયેલી રહે છે. હવે ઉર્મિલા માર્તોંડકર વિશે સમાચાર આવ્યા છે કે તેણે તેના પતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે. ઉર્મિલા તેના પતિ મોહસીન અખ્તર મીર સાથે છૂટાછેડા લેવા જઈ રહી છે. અભિનેત્રીએ મુંબઈની કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી છે. મળતા રિપોર્ટમાં મુંબઈની એક કોર્ટ સાથે સંકળાયેલા એક સ્ત્રોતને ટાંકીને જણાવ્યું છે કે, ઉર્મિલા માર્તોંડકરે લગ્નના ૮ વર્ષ બાદ કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ કરી છે. સૂત્રને ટાંકીને એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ઉર્મિલા માર્તોંડકરના આ છૂટાછેડા પરસ્પર સહમતિથી નથી થઈ રહ્યા. રિપોર્ટમાં સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, ઘણા વિચાર કર્યા પછી ઉર્મિલાએ મોહસીન સાથેના લગ્નને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે. તેણે અગાઉ કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી છે.

### રેલ પ્રવાસનને નવો આયામ આપે "ગરવી ગુજરાત"


# ગરવી ગુજરાત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનના રૂટમાં પ્રથમ વખત વડનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે, વડનગરમાં કીર્તિ તોરણ, હાટકેશ્વર મંદિર અને રેલ્વે સ્ટેશન મુખ્ય આકર્ષણ રહેશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

દેશવાસીઓને ભવ્ય ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાની ઝલક આપવા અને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) દ્વારા દેશમાં સમયાંતરે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનોનું સંચાલન કરવામાં આવે છે. આ શ્રેણીમાં, "ગરવી ગુજરાત" ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન IRCTC દ્વારા ચલાવવામાં આવી રહી છે. ગરવી ગુજરાત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ દિલ્હીથી લીલી ઝંડી બતાવી રવાના કરાશે. આ ટ્રેન પ્રવાસીઓને ગુજરાતના મુખ્ય આધ્યાત્મિક અને હેરિટેજ સ્થળો પર લઈ જશે. આ ટ્રેનના રૂટમાં પ્રથમ વખત ગુજરાતના વડનગરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

"ગરવી ગુજરાત" ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન ઘણી બધી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ટ્રેનમાં મુસાફરો માટે બે ભોજનની રેસ્ટોરાં અને આધુનિક રસોડું છે. તેના કોચમાં શાવર ક્યુબિકલ્સ, સેન્સર આધારિત વૉશરૂમ ફંક્શન અને ફૂટ મસાજર સુવિધા પણ છે. આ સંપૂર્ણ રીતે વાતાનુકૂલિત ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી અને થર્ડ એસી ની સુવિધાઓ ઉપલબ્ધ છે. ટ્રેનના દરેક





કોચમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે અને સુરક્ષા ગાર્ડની પણ જોગવાઈ છે. આ પ્રવાસી ટ્રેન ની ક્ષમતા ૧૫૦ મુસાફરોની છે. પ્રવાસીઓ આ ટૂરિસ્ટ ટ્રેન માં દિલ્હી સફદરજંગ, ગુડગાંવ, રેવાડી, રિંગસ, ફુલેરા, અજમેર રેલ્વે સ્ટેશનો પર ચઢી અને ઉતરી શકે છે.

"ગરવી ગુજરાત" ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેનની આખી સફર ૧૦ દિવસની છે. આ સમય દરમિયાન પ્રવાસીઓ આ ટ્રેન દ્વારા સોમનાથ, નાગેશ્વર જ્યોતિર્લિંગ, દ્વારકાધીશ મંદિર અને મહાકાલી મંદિર જેવા પ્રખ્યાત મંદિરોની મુલાકાત લઈ શકશે. આ ઉપરાંત તે પ્રવાસીઓને ઐતિહાસિક કીર્તિ તોરણ (વડનગર), મોઢેરા સૂર્ય મંદિર, રાની કી વાવ અને દીવ કિલ્લા જેવા હેરિટેજ સ્થળો પર પણ લઈ જશે.

દિલ્હીથી રવાના થયા પછી, આ ટ્રેનનું પ્રથમ સ્ટોપ અમદાવાદ હશે, જ્યાં પ્રવાસીઓ ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિના અવસરે સાબરમતી આશ્રમની મુલાકાત લઈ શકશે અને અક્ષરધામ મંદિરની મુલાકાત લઈ શકશે. ત્યાર બાદ ટ્રેનનું આગલું મુકામ વિશ્વ પ્રસિદ્ધ મોઢેરા સૂર્ય મંદિર, રાની કી વાવ અને મોઢેરા-પાટણમાં આવેલ સહસ્ત્રલિંગ તળાવ હશે. આ પછી આ ટ્રેન ગુજરાતના વડનગર પહોંચશે, જ્યાં પ્રવાસીઓ હાટકેશ્વર મંદિર, કીર્તિ તોરણ અને શર્મિષ્ઠા તળાવ જેવા પર્યટન સ્થળોની મુલાકાત લઈ શકશે અને પ્રખ્યાત વડનગર રેલવે સ્ટેશન પણ જોઈ શકશે. વડનગર બાદ ટ્રેનનું આગામી સ્થળ વડોદરા રહેશે. વડોદરાથી એક દિવસની સફર દરમિયાન પ્રવાસીઓ મહાકાળી મંદિર (શક્તિપીઠ) અને પાવાગઢ હિલ્સમાં આવેલા ચાંપાનેર પાવાગઢ પુરાતત્વ પાર્ક (યુનેસ્કો)ની મુલાકાત લેશે.

આ પછી ટ્રેન કેવડિયા રેલવે સ્ટેશન જશે. કેવડિયા સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' માટે પ્રખ્યાત છે. અહીં પ્રવાસીઓને લેસર શો પણ બતાવવામાં આવશે. કેવડિયા બાદ ટ્રેનનું આગામી સ્થળ સોમનાથ રહેશે. ટ્રેન વેરાવળ રેલ્વે સ્ટેશન પહોંચશે અને પ્રવાસીઓ સોમનાથ મંદિર અને સોમનાથ બીચની મુલાકાત લેશે. ટ્રેનનું આગામી સ્ટોપેજ દીવ હશે, જ્યાં પ્રવાસીઓ દીવ કિલ્લો, આઈએનએસ કુકરી અને દરિયાકિનારાની મુલાકાત લેશે. ટ્રેનનું છેલ્લું સ્ટેશન દ્વારકા છે, અહીં મુસાફરો દ્વારકાધીશ મંદિર, નાગેશ્વર જ્યોતિર્લિંગ અને બેટ દ્વારકાના દર્શન કરી શકશે. મુસાફરીના ૧૦મા દિવસે ટ્રેન દિલ્હી પરત ફરશે. આ સમગ્ર પ્રવાસમાં પ્રવાસીઓ અંદાજે ૩,૫૦૦ કિલોમીટરની મુસાફરી કરશે.

નોંધનીય છે કે પ્રવાસનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ભારતીય રેલ્વેએ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનોનું સંચાલન શરૂ કર્યું છે. લગભગ ત્રણ વર્ષના ગાળામાં, દેશભરના ૨૪ રાજ્યોમાં ૧૮૦ થી વધુ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું છે અને તેમાં ૮૦,૦૦૦ થી વધુ મુસાફરોએ મુસાફરી કરી છે. આ ટ્રેનો રેલવે દ્વારા દેશના વિવિધ રૂટ અને સર્કિટ પર ચલાવવામાં આવે છે. તેમાંથી કેટલાક નીચે મુજબ છે -

- ભારત-નેપાળ મૈત્રી યાત્રા
- શ્રી રામાયણ યાત્રા
- ચાર ધામ યાત્રા
- બૌદ્ધ સર્કિટ પર્યટક ટ્રેન
- બાબા સાહેબ આંબેડકર યાત્રા
- ૭ જ્યોતિર્લિંગ યાત્રા
- દિવ્ય દક્ષિણ દર્શન યાત્રા
- પુરી-ગંગા સાગર ભવ્ય કાશી યાત્રા
- જૈન યાત્રા ભારત ગૌરવ પર્યટક ટ્રેન
- પુરી-કોલકાતા ગંગાસાગર યાત્રા




આદિજાતિ કુમાર છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થિઓને અનેક પ્રકારની સમસ્યા હતી જેની રજૂઆત કરવા છતાં કોઈપણ પ્રકારનું નિરાકરણ કરવામાં આવ્યું નહિ તેથી મદદનીશ આદિજાતિ કચેરી પાલનપુર ખાતે ઘેરાવ કાર્યક્રમ રાખતા વિધાર્થીઓની રજૂઆત સાંભળવાની જગ્યાએ પોલીસ દ્વારા વિદ્યાર્થી પર લાઠીચાર્જ કરવામાં આવ્યો.

### હિંમતનગર હાઈવે પર ભયાનક અકસ્માત

# ટ્રેલર પાછળ કાર ઘૂસી જતા અમદાવાદના સાતના મોત

## ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં યુવાનને સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો

। (એજન્સી) હિંમતનગર, તા.૨૫ ।

સાબરકાંઠાના હિંમતનગરની સહકારી જીન પાસે ગંભીર અકસ્માત સર્જાયો હતો.શામળાજીથી કાર અમદાવાદ તરફલ આવી રહી હતી ત્યારે હિંમતનગર સહકારી જીન મોડાસા કડવા પાટીદાર સમાજવાડી આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. મળતા અહેવાલ પ્રમાણે ટ્રેલર પાછળ કાર ધડાકભેર ઘૂસી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ હિંમતનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો આ દુર્ઘટનામાં ૭ લોકોના મોત નિપજ્યા હતા અને એકની હાલત અત્યંત ગંભીર હોવાનું સામે આવ્યું છે. ઈનોવા કાર પૂરપાટ ઝડપે શામળાજી તરફથી આવી રહી હતી અને ધડાકાભેર ટ્રેલર સાથે ટક્કર થઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં યુવાનને સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટના એટલી ભયાનક હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. તમામ મૃતદેહો કારમાં ફસાઈ ગયા હતા. ફાયરના જવાનોએ મૃતદેહોને બહાર કાઢવા માટે કારના પતરા કાપવા પડ્યા હતા. ભારે જહેમત બાદ તમામ મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટ માટે ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ પોલીસે અકસ્માતે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**ન્યૂઝ બ્રિફ**

## રેલવે ટ્રેક પર અકસ્માત કરવાનું કાવતરું ઝડપાયું

। (એજન્સી) બોટાદ, તા.૨૫ ।

રાજ્યમાં દિવસેને દિવસે કોઈ ને કોઈ રીતે ગુનાહોનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે હવે તો હદ જ કરી નાખી છે. હવે રેલવે ટ્રેક પર ટ્રેન પલટી મારવાના મોટા ષડયંત્રો કરવામાં આવી રહ્યા છે. દેશમાં ટ્રેનને પાટા પરથી ઉથલાવવા માટેના ૨૦થી વધુ પ્રયાસો કરવામાં આવ્યા છે. ત્યારે વધુ એક બનાવ ગુજરાતમાં બોટાદ જિલ્લામાં બનવા પામ્યો છે. જ્યાં કુંડલી ગામ પાસે મોડી રાત્રે રેલવે ટ્રેક પર ૪ ફૂટના લોખંડના પાટાનો ટૂકડો ઉભો કરી દેવામાં આવતા ટ્રેનનું એન્જીન બંધ થઈ ગયું હતું. આ બનાવમાં પોલીસે ટ્રેન ઉથલાવવાના પ્રયાસની આશંકા સાથે તપાસ હાથ ધરી છે. ગુજરાતમાં ૪ દિવસ પહેલાં સુરતના કીમ સ્ટેશન નજીક ટ્રેન ઉથલાવવાના પ્રયાસનો પર્દાફાશ થયા બાદ આજે ફરી એકવાર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો છે. બોટાદના કુંડલી ગામ નજીક મોડી રાત્રે રેલવે ટ્રેક પર ૪ ફૂટ ઊંચા પાટાનો ટુકડો કોઈએ ઊભો કરી દીધો હતો જે બાદ મોડી રાત્રે ઓખા-ભાવનગર ટ્રેન તેની સાથે અથડાઇ હતી જેથી એન્જિન બંધ થઈ ગયું હતું.

## વડોદરાની MS યુનિવર્સિટીમાં પોરબંદરના વિદ્યાર્થીએ જીવન ટુંકાવ્યું

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલી ડાયમંડ જુબેલી ટ્રસ્ટ હોસ્ટેલમાં એમ.એસ.યુનિવર્સિટીના વિદ્યાર્થીએ પંખા પર ફાંસો ખાઈ આપઘાત કર્યાના કિસ્સાથી વિદ્યાર્થી જગતમાં દુઃખની લાગણી પ્રસરી છે. પોરબંદર તાલુકાના રાતીયા ગામે રહેતો ૧૮ વર્ષનો વનરાજ મુળુભાઈ રાતીયા એમ.એસ. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો અને નિઝામપુરા રોડ પર આવેલી ડાયમંડ જુબેલી હોસ્ટેલમાં રહેતો હતો. ગઈકાલે તે કોલેજ ગયો ન હતો અને તેને રૂમમાં રહેતા અન્ય બે વિદ્યાર્થી કોલેજમાં ગયા હતા. સાંજે કોલેજ છૂટ્યા પછી બંને રૂમ પાર્ટનર રૂમ પર આવ્યા ત્યારે રૂમનો દરવાજો અડકાવેલો હતો તેઓએ અંદર જઈને જોયું તો વનરાજે પંખા પર નાયલોનની દોરી વડે ફાંસો ખાઈ લીધો હતો. આ અંગે હોસ્ટેલના વોર્ડનને જાણ કરવામાં આવતા વોર્ડને ફતેગંજ પોલીસને જાણ કરી હતી. ફતેગંજ પોલીસે સ્થળ પર જઈ મૃતદેહ નીચે ઉતારી પીએમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે.

# અમદાવાદ મંડળ પર 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત ડોર ટુ ડોર અભિયાન અને ચિત્રકલા સ્પર્ધાનું આયોજન





। અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર "સ્વચ્છતા હી સેવા" ૧૭ સપ્ટેમ્બર થી ૦૨ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી "સ્વચ્છતા હી સેવા" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માના માર્ગદર્શિકા મુજબ રેલ્વે કર્મચારીઓ અને તેમના પરિવારોને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે અને આ અભિયાનમાં તેમની ભાગીદારી પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. સ્ટેશનો પર પણ એનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા સ્વચ્છતાને લગતી જાહેરાતો સતત કરવામાં આવી રહી છે, જેથી મુસાફરોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરી શકાય.




સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ચાલતા વિવિધ કાર્યક્રમોમાં ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ડોર ટુ ડોર અભિયાન ચલાવવામાં આવ્યા. આ અભિયાન અંતર્ગત ડિવિઝનના પાલનપુર, મહેસાણા, સાબરમતી, અમદાવાદ, મણિનગર સહિત મંડળના વિવિધ સ્ટેશનો પર અને રેલવે કોલોનીઓમાં વિવિધ વિભાગો દવારા સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી સ્વચ્છતાની કાળજી લો, ત્યારે બનશે દેશ મહાન અને અન્ય સૂત્રોચ્ચાર સાથે સ્વચ્છતાના સૂત્રો સાથેના પ્લેકાર્ડ અને બેનરો સાથે ડોર ટુ ડોર ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ અભિયાનમાં કાર્મિક વિભાગ, સ્વાસ્થ્ય વિભાગ, યાંત્રિક વિભાગ, તેમજ અન્ય વિભાગોના કર્મચારીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. સ્વચ્છતા હી સેવા અંતર્ગત, અમદાવાદ મંડળ પર ત્રણ કેન્દ્રીય વિદ્યાલય-સાબરમતી, કેન્દ્રીય વિદ્યાલય - ગાંધીધામ અને લોર્ડ નીલકંઠ શાળા - મણિનગર શાળાઓમાં બાળકો માટે ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૩૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધા બાદ તમામ બાળકોને સ્વચ્છતા હી સેવા ૨૦૨૪નું આયોજન જરૂરિયાત, ઉદ્દેશ્ય અને મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. સ્વાસ્થ્ય વિભાગના કર્મચારીઓએ અમદાવાદ મંડળ ની રેલવે કોલોનીઓમાં ઘરે-ઘરે જઈને રેલવે કર્મચારીઓના પરિવારજનોને સ્વચ્છતા અંગે જાગૃત કર્યા હતા. તેમણે પરિવારના સભ્યો સાથે સાફ-સફાઈ દ્વારા થતા ફાયદા અને તેની અવગણના કરવાના ગેરફાયદા વિશે વિગતવાર ચર્ચા કરી, સૌએ રેલવે સાથે મળીને સાફ-સફાઈ જાળવવાની ખાતરી આપી.

### છેલ્લા ત્રણ દિવસથી વરસાદની આગાહી કરવામાં આવી

# સુરતમાં બે ઇંચ વરસાદ, સાબરકાંઠા છલકાયુ, અમદાવાદમાં કડાકાભડાકા

। (એજન્સી) સુરત, તા.૨૫ ।



હવામાન વિભાગ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી વરસાદની આગાહી કરવામાં આવી હતી. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. તે મુજબ જ શહેરભરમાં વરસાદ ત્રાટક્યો હતો. સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સાંબરકાંઠામાં જિલ્લો છલકાઈ જાય તેટલો વરસાદ પડ્યો છે તો અમદાવાદમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને વીજળીના કડાકાભડાકા થયા છે. સુરત શહેરમાં મેઘરાજાના આગમનથી નવી સિવિલમાં ભારે ઉત્તેજનાનો માહોલ છવાયો છે. નવી સિવિલ હોસ્પિટલની જૂની બિલ્ડીંગમાં પાણી ભરાઈ ગયા છે. જૂના મકાનના ગ્રાઉન્ડ ફ્લોર, આરએમઓ ઓફિસ અને લેબોરેટરીમાં પાણી ભરાઈ ગયા હતા. ઓપીડીની સાથે-સાથે રસ્તાઓ અને વોર્ડમાં પાણી ભરાવાના કારણે દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બે કલાકના વરસાદથી નવી સિવિલમાં પાણી ભરાવાના પ્રશ્નો ઉભા થયા છે. હવામાન વિભાગે આગાહી કરી હતી કે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. આગામી ૭૨ કલાક સુધી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદી વાતાવરણ રહેશે, જે મુજબ સુરત શહેર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ શરૂ થયો છે. સવારથી સુરતીઓ ગરમીનો અહેસાસ કરી રહ્યા હતા એટલું જ નહીં સુરતી લોકો છેલ્લા ૩ દિવસથી તોફાનનો સામનો કરી રહ્યા હતા. બપોર બાદ સતત વરસાદ પડતાં ગરમીમાંથી થોડી રાહત મળી હતી.વરસાદ શરૂ થતાની સાથે જ વહીવટી તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું હતું. ઉકાઈ ડેમની હાલની સપાટી ૩૪૨.૪૭ ફૂટ છે. ઉકાઈ ડેમની ખતરનાક ઊંચાઈ ૩૪૫ ફૂટ છે. તેથી વહીવટીતંત્ર સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ઉકાઈ ડેમની જળ સપાટી ન વધે તે માટે વહીવટીતંત્ર સતત ચાંપતી નજર રાખી રહ્યું છે. વરસાદથી ખેડૂતોને થોડી રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ બંધ હોવાથી ખેડૂતો રાહ જોઈ રહ્યા હતા. ભાદરનો વરસાદ ખેડૂતો માટે રાહતરૂપ છે. જેમ જેમ ચોમાસું નજીક આવી રહ્યું છે, મહિનાના છેલ્લા ભાગમાં ભારે વરસાદની અપેક્ષા રાખો.

### ૧૮ પાનાની સ્યૂસાઈડ નોટ મળી

# અમદાવાદની ફ્લોરસન્ટ પબ્લિક સ્કૂલના સંચાલકે કરી આત્મહત્યા

## નાણાકીય લેવડ દેવડ બાબતે આપઘાત કર્યાનું અનુમાન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના એસજી હાઈવે ઉપર આવેલી ફ્લોરસન્ટ પબ્લિક સ્કૂલના સંચાલક નરેશ પટેલે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. તેમણે સિંધુ ભવન રોડ પરના ટાઈમ્સ સ્ક્વેર આર્કેડમાં આવેલી ઓફિસમાં જ આત્મહત્યા કરી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને શંકા છે કે પૈસાની લેવડ-દેવડ મુદ્દે તેમણે ગળાફાંસો ખાધો હતો. સંચાલક નરેશ પટેલની ૧૮ પાનાની સ્યૂસાઈડ નોટ સામે આવી છે. અમદાવાદ શહેરના સિંધુભવન રોડ પર આવેલા ટાઈમ્સ સ્ક્વેર આર્કેડમાં ત્રીજા માળે આવેલી એક ઓફિસમાં સવારે નરેશ પટેલ નામના વ્યક્તિએ આપઘાત કર્યો. બોડકદેવ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક થલતેજની ફ્લોરસન્ટ સ્કૂલના ટ્રસ્ટી હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં પોલીસને ૧૮ પાનાંની સ્યૂસાઈડ નોટ મળી આવી છે. સ્યૂસાઈડ નોટમાં મૃતકે કેટલાક ડોકટરોનો આભાર માની નાણાંકીય વ્યવહારનો ઉલ્લેખ કર્યો છે. જેના પગલે પૈસાની લેતીદેતી માટેનું કારણ હોવાનું મનાય રહ્યું છે. તેમજ આત્મહત્યા કરવા ચાર વ્યક્તિઓ જવાબદાર હોવાનો સ્યૂસાઈડ નોટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.સ્થાનિક લોકોને આ મામલે જાણ થતાં બોડકદેવ પોલીસને જાણ કરી હતી. બોડકદેવ પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી.

**અમદાવાદ પોલીસનું સફળ ઓપરેશન**

# મધ્યપ્રદેશમાંથી લવાતાં શસ્ત્રો સાથે ત્રણ ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ પોલીસે ગેરકાયદે શસ્ત્રો સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આ કેસમાં હજુ વધુ આરોપીઓ ઝડપાઈ શકે છે. આ અંગે માહિતી આપતા જેપીસી ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદના શરદ સિંઘલે જણાવ્યું કે,મધ્યપ્રદેશ પોલીસ તરફથી અમદાવાદ પોલીસને માહિતી મળી હતી કે કેટલાક લોકો મધ્યપ્રદેશમાંથી ગેરકાયદે શસ્ત્રો સાથે ગુજરાત તરફ આવી રહ્યા છે. આ માહિતીને આધારે અમદાવાદ પોલીસે વૉચ રાખી હતી અને ત્રણ અલગ અલગ કેસમાં ત્રણ જણને ઝડપી પાડીને તેમની પાસેથી શસ્ત્રો અને કારતૂસો સહિત સામગ્રી કબજે લેવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે, પ્રથમ કેસમાં કિશોર ઉર્ફે કેકે કાંતિલાલ ઈન્દુજી પંચાલ અને વિક્રમ કુમારને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની તલાશી લેવામાં આવતા તેમની પાસેથી ૬ હથિયાર, ૨૪ કારતૂસ, બે મોબાઈલ મળી આવ્યા હતા. જ્યારે બીજા કેસમાં એક પિસ્તોલ, ૧૨ કારતૂસ, એક મોબાઈલ ફોન સહિત ગેરકાયદે સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે, જે લોકો છ હથિયાર સાથે ઝડપાયા છે તે રાજ્યના બનાસકાંઠા જિલ્લાના રહેવાસી છે, જ્યારે બીજો આરોપી મહેસાણાનો છે.

### ગીર રક્ષિત વિસ્તારના આજુબાજુનો વિસ્તાર ઘોષિત

# કુલ ૧.૮૪ લાખ હેક્ટર વિસ્તાર ઇકો-સેન્સિટિવ ઝોન ઘોષિત

## એશિયાઈ સિંહોના રક્ષણ માટે કેન્દ્રનો મહત્વનો નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગુજરાતના ગૌરવ સમાન 'એશિયાઈ સિંહ' વર્ષોથી એશિયા ખંડમાં માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારના 'ગીર રક્ષિત વિસ્તાર'માં વસવાટ કરતા જોવા મળે છે ત્યારે આ સિંહો તેમજ વન્ય પ્રાણીઓના જતન માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. એશિયાઈ સિંહોના રક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર તેમજ ગુજરાત સરકાર દ્વારા ટેકનોલોજીની મદદથી સતત અનેકવિધ નવીન પ્રકલ્પોહાથધરવામાંઆવીરહ્યાછે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના વિશેષ પ્રયાસોથી કેન્દ્ર સરકાર દ્વારા 'ગીર રક્ષિત વિસ્તાર'ના આજુબાજુનો કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારને 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર કરવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે. આ જાહેરનામા મુજબ અભયારણ્યથી જાહેર થયેલ ઈકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું અંતર બાબતે સૌથી ઓછામાં ઓછુ ૨.૭૮ કિ.મી. અને વધુમાં વધુ ૯.૫૦ કિ.મી. રાખવામાં આવ્યું છે. તેમ,વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં જોવા મળતા એશિયાઈ સિંહ સહિત દેશભરમાં પ્રાણીઓના રક્ષણ અને સંવર્ધન માટે વિવિધ કાયદા અમલી બનાવ્યા છે તેમ, જણાવી વન મંત્રી મુળુભાઈએ કહ્યું હતું કે, નવીન 'ઈકો-સેન્સિટિવ ઝોન' વિસ્તારમાં કુલ ૧૭ નદીઓના રીવર કોરીડોર અને સિંહોના અવર-જવર વાળા ૪ મહત્વના કોરીડોરને આવરી લેવામાં આવશે.








માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨